અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૮ એપ્રિલ ૨૦૨૫, સોમવાર
વિક્રમ સંવત ૨૦૮૧, વૈશાખ સુદ ૧

વર્ષ : ૧૬
અંક : ૨૯૫

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### મન કી બાતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું

## પીડિત પરિવારોને ન્યાય અને ગુનેગારોને કડક સજા મળશે

### ૨૨ એપ્રિલે પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાએ દરેક નાગરિકને દુઃખી કર્યો છે, દરેક ભારતીયને પીડિત પરિવારો પ્રત્યે ઊંડી સહાનુભૂતિ છે : પીએમ મોદી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી "મન કી બાત" ના એપ્રિલ મહિનાના કાર્યક્રમના સંબોધનમાં પહેલગામ આતંકવાદી હુમલા પર વાત કરી છે. તેમણે કહ્યું, "જ્યારે હું તમારી સાથે મારા મનની વાત કરી રહ્યો છું, ત્યારે મારા મનમાં ઊંડું દુઃખ છે. ૨૨ એપ્રિલે પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાએ દરેક નાગરિકને દુઃખી કર્યો છે. દરેક ભારતીયને પીડિત પરિવારો પ્રત્યે ઊંડી સહાનુભૂતિ છે."

પીએમ મોદીએ મન કી બાતમાં કહ્યુ કે, પહેલગામમાં થયેલો આ હુમલો આતંકવાદને પ્રાયોજિત કરનારાઓની હતાશા દર્શાવે છે, તેમની કાયરતા દર્શાવે છે. જે સમયે કાશ્મીરમાં શાંતિ પાછી ફરી રહી હતી, શાળાઓ અને કોલેજોમાં ઉત્સાહ હતો, બાંધકામ કાર્ય અભૂતપૂર્વ ગતિએ



આગળ વધી રહ્યુ હતું, લોકશાહી મજબૂત થઈ રહી હતી, પ્રવાસીઓની સંખ્યામાં રેકોર્ડ વધારો થઈ રહ્યો હતો, લોકોની આવક વધી રહી હતી, યુવાનો માટે નવી તકોનું સર્જન થઈ રહ્યું હતું. દેશના દુશ્મનો, જમ્મુ અને કાશ્મીરના દુશ્મનોને આ ગમ્યું નહીં. આ સાથે તેમણે જણાવ્યુ કે, આતંકવાદીઓ અને તેમના આકાઓ ઈચ્છે છે કે, કાશ્મીર ફરીથી બરબાદ થાય અને તેથી જ તેમણે આટલા મોટો કાવતરાને અંજામ આપ્યો. આતંકવાદ સામેના આ યુદ્ધમાં દેશની એકતા, ૧૪૦ કરોડ ભારતીયોની એકતા આપણી સૌથી મોટી તાકાત છે. આ એકતા આતંકવાદ સામેની આપણી નિર્ણાયક લડાઈનો પાયો છે. પીએમ મોદીએ વધુમાં ઉમેર્યું કે, દેશ સામેના આ પડકારનો સામનો કરવા માટે આપણે આપણા સંકલ્પને મજબૂત બનાવવો પડશે. આપણે એક રાષ્ટ્ર તરીકે મજબૂત ઈચ્છાશક્તિ દર્શાવવી પડશે. આજે દુનિયા જોઈ રહી છે, આ આતંકવાદી હુમલા પછી આખો દેશ એક અવાજમાં બોલી રહ્યો છે. ભારતના લોકોમાં જે ગુસ્સો છે તે આખી દુનિયામાં છે. આ આતંકવાદી હુમલા બાદ, વિશ્વભરમાંથી સતત સંવેદનાઓ મોકલવામાં આવી રહી છે. વૈશ્વિક નેતાઓએ મને ફોન કર્યો છે, પત્રો લખ્યા છે અને સંદેશા મોકલ્યા છે. આ જઘન્ય આતંકવાદી હુમલાની બધાએ સખત નિંદા કરી છે. તેમણે મૃતકોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે.

પીડિત પરિવારોને ખાતરી આપતા તેમણે જણાવ્યુ છે કે, આતંકવાદ સામેની આપણી લડાઈમાં આખી દુનિયા ૧૪૦ કરોડ ભારતીયોની સાથે ઉભી છે. હું ફરી એકવાર પીડિત પરિવારોને ખાતરી આપું છું કે તેમને ન્યાય મળશે, ન્યાય ચોક્કસ મળશે. આ હુમલાના ગુનેગારો અને કાવતરાખોરોને સૌથી કડક જવાબ આપવામાં આવશે. તેમણે કહ્યુ કે આતંકી અને આતંકના વડાઓ ઈચ્છે છે કે કાશ્મીર ફરી તબાહ થઈ જાય અને એટલા માટે આ મોટા ષડયંત્રને અંજામ આપ્યો. આતંકવાદ વિરુદ્ધ યુદ્ધમાં દેશની એકતા, ૧૪૦ કરોડ ભારતીયોનો સહયોગ, આપણી સૌથી મોટી તાકાત છે.

### રજાઓ રદ, હેલ્થવર્કર્સ એલર્ટ મોડમાં

## પહલગામ હુમલા બાદથી પાકિસ્તાનમાં ભારે ફફડાટ, PoKમાં ઈમરજન્સી

### પીઓકે પ્રશાસનના આ અચાનક પગલાથી પાકિસ્તાનમાં ફેલાયેલો ગભરાટ સ્પષ્ટપણે જોવા મળી રહ્યો છે

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૨૭ ।

જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારતે કડક વલણ અપનાવ્યું છે અને સેનાએ મોરચો સંભાળી લીધો છે. આતંકવાદીઓના ઠેકાણાઓને નષ્ટ કરવામાં આવી રહ્યા છે અને તેમની શોધખોળ તેજ કરવામાં આવી છે. ભારતની કાર્યવાહીની સીધી અસર પાકિસ્તાનમાં જોવા મળી રહી છે અને તેને મોટા લશ્કરી કાર્યવાહીનો ડર લાગી ગયો છે. જેના પગલે પાકિસ્તાને પરિસ્થિતિનો સામનો કરવા માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે. પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (POK) વહીવટીતંત્રે કટોકટી પ્રતિબંધો લાદ્યા છે અને આરોગ્ય કર્મચારીઓની રજાઓ અને સ્થાનાંતરણ તાત્કાલિક બંધ કરવાનો આદેશ આપ્યો છે. ૨૫ એપ્રિલના રોજ ઝેલમ વેલી હેલ્થ ડિરેક્ટોરેટ દ્વારા જારી કરાયેલા આદેશમાં કટોકટી પરિસ્થિતિનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો અને તમામ હોસ્પિટલો અને આરોગ્ય એકમોમાં તબીબી કર્મચારીઓને તેમના સંબંધિત ડ્યુટી પોઈન્ટ પર તૈનાત રહેવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો.

એવું પણ કહેવામાં આવ્યું હતું કે કોઈપણ કર્મચારીને રજા કે ટ્રાન્સફર આપવામાં આવશે નહીં. સરકારી વાહનોના ખાનગી ઉપયોગ પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ આદેશમાં લખવામાં વાયુ હતું કે, દેશમાં કટોકટીની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, તમામ આરોગ્ય કેન્દ્રોના ઈન્ચાર્જને જિલ્લા મુખ્યાલય હોસ્પિટલ તેમજ જિલ્લાના તમામ તબીબી કેન્દ્રોમાં કોઈપણ અનિચ્છનીય ઘટનાનો સામનો કરવા માટે ડોકટરો, પેરામેડિકલ સ્ટાફ અને એમ્બ્યુલન્સ ડ્રાઈવરોને હંમેશા તૈયાર રાખવાનો નિર્દેશ આપ વામાં આવે છે. આ ઉપરાંત, આરોગ્ય કેન્દ્રોના તમામ તબીબી અધિકારીઓ/પેરા મેડિકલ સ્ટાફ કે જેઓ પહેલેથી જ રજા પર છે, તેમને તેમની રજા રદ કરવા અને ફરજ પર જતા પહેલા ઓફિસની લેખિત પરવાનગી લેવાનો નિર્દેશ આપવામાં આવ્યા છે. જો બેદરકારી જણાશે, તો સંબંધિત ડોકટરો/પેરામેડિકલ મેડિકલ સ્ટાફ સામે શિસ્તભંગના પગલાં લેવામાં આવશે. આ આદેશ તાત્કાલિક અસરથી અમલમાં આવશે. પીઓકે પ્રશાસનના આ અચાનક પગલાથી પાકિસ્તાનમાં ફેલાયેલો ગભરાટ સ્પષ્ટપણે દેખાય છે. ભારતીય સુરક્ષા એજન્સીઓએ પણ આ કટોકટી આદેશને ગંભીરતાથી લીધો છે અને આશંકા વ્યક્ત કરી છે.

### પાકિસ્તાનમાં દવાઓની અછત શરૂ થઈ ગઈ છે

। ઈસ્લામાબાદ, તા.૨૭ ।

પહેલગામ હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ ચરમસીમા પર છે. ભારત દ્વારા પ્રતિબંધો લાદવામાં આવ્યા ત્યારથી પાકિસ્તાન ગભરાટની સ્થિતિમાં છે અને સતત ધમકીઓ આપી રહ્યું છે. હુમલા બાદથી ભારતે દ્વિપક્ષીય વેપાર સંપૂર્ણપણે સ્થગિત કરી દીધો છે. આવી સ્થિતિમાં જ્યારથી દવાઓનો પુરવઠો બંધ થયો છે ત્યારથી પાકિસ્તાન ચિંતિત છે. તેણે દવાઓ સપ્લાય કરવા માટે ઈમરજન્સી સોલ્યુશન્સ શોધવાનું શરૂ કર્યું છે. પાકિસ્તાની મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ભારત સાથેનો વેપાર બંધ થયા બાદ પાકિસ્તાન સરકારે દવાઓની માંગને પહોંચી વળવા અન્ય ઉપાયો પર કામ કરવાનું શરૂ કરી દીધું છે. પાકિસ્તાન ડ્રગ રેગ્યુલેટરી ઓથોરિટીએ પુષ્ટિ કરી છે કે ફાર્માસ્યુટિકલ સેક્ટર પર પ્રતિબંધની અસર અંગે કોઈ સત્તાવાર માહિતી નથી, જો કે ઈમરજન્સી પ્લાન પહેલેથી જ

### પહેલગામ હુમલા બાદ ભારતનો મોટો નિર્ણય

## BRICS દેશોના NSA અને મંત્રીઓની બેઠકમાં સામેલ નહીં થાય અજિત ડોભાલ અને એસ જયશંકર

### અહેવાલ મુજબ, ડેપ્યુટી NSA પવન કપૂર આ બેઠકમાં અજિત ડોભાલના સ્થાને ભારતનું પ્રતિનિધિત્વ કરશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

પહેલગામ આતંકવાદી હુમલા બાદ પાકિસ્તાન સાથે વધતા તણાવને કારણે, NSA અજિત ડોભાલ અને વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર આવતા અઠવાડિયે BRICS NSA અને વિદેશ મંત્રીઓની બેઠકમાં હાજરી આપશે નહીં. આ બેઠક ૩૦ એપ્રિલે બ્રાઝિલમાં યોજાશે. અહેવાલ મુજબ, ડેપ્યુટી NSA પવન કપૂર આ બેઠકમાં અજિત ડોભાલના સ્થાને ભારતનું પ્રતિનિધિત્વ કરશે. બ્રિક્સ એનએસએ બેઠકમાં, સરહદ પાર આતંકવાદ તેમજ અન્ય આંતરરાષ્ટ્રીય સુરક્ષા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે. સૂત્રોએ જણાવ્યું હતું કે સરહદ પારથી આતંકવાદ, આતંકવાદીઓને ભંડોળ પૂરું પાડવું અને તેમના નેટવર્કને ખતમ કરવું આ બેઠકના સૌથી મહત્વપૂર્ણ મુદ્દાઓમાં સામેલ હશે.

જુલાઈમાં યોજાનારી સમિટના કાર્યસૂચિને અંતિમ સ્વરૂપ આપવા અને તેને સુધારવા માટે ૧૧ બ્રિક્સ દેશોના વિદેશ પ્રધાનો અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારો



એકસાથે મળશે. આ બેઠક ખાસ કરીને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ક્લાઈમેટ ફાઈનાન્સ, ક્રોસ બોર્ડર પેમેન્ટ પહેલ અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં સુધારા જેવા મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે.

માહિતી અનુસાર, રિયો ડી જાનેરોમાં ૬-૭ જુલાઈના રોજ યોજાનારી બ્રિક્સ સમિટમાં આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સ અને ક્લાઈમેટ ચેન્જ, નાણાકીય બાબતો પર વિશેષ દસ્તાવેજો તૈયાર કરવામાં આવશે અને તેને અપનાવવામાં આવે તેવી શક્યતા છે. પહેલગામ આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે વધી રહેલા તણાવ વચ્ચે, ભારતીય નૌકાદળના યુદ્ધ જહાજોએ લાંબા અંતરના ચોકસાઈ હુમલા માટે તેમની તૈયારી દર્શાવતા અભ્યાસ સફળતાપૂર્વક હાથ ધર્યો.

ભારતીય નૌકાદળના એક અધિકારીએ જણાવ્યું હતું કે, "ભારતીય નૌકાદળના જહાજોએ લાંબા અંતરના ચોકસાઈવાળા આક્રમક હુમલા માટે પ્લેટફોર્મ, સિસ્ટમ અને ક્રૂની તૈયારીને ફરીથી પ્રમાણિત કરવા અને દર્શાવવા માટે વિનાશક કવાયત સફળતાપૂર્વક હાથ ધરી હતી." તેમણે કહ્યું કે ભારતીય નૌકાદળ રાષ્ટ્રના દરિયાઈ હિતોનું રક્ષણ કરવા માટે ગમે ત્યારે, ગમે ત્યાં અને દરેક રીતે યુદ્ધ માટે તૈયાર છે.

શનિવારે રાત્રે (૨૬ એપ્રિલ) પાકિસ્તાની સેનાએ જમ્મુ અને કાશ્મીરમાં નિયંત્રણ રેખા (એલઓસી) પર તુતમારી ગલી અને રામપુર સેક્ટરની સામે સ્થિત ભારતીય ચોકીઓ પર ગોળીબાર કર્યો હતો. ભારતીય સેનાએ પણ આ ફાયરિંગનો જવાબ આપ્યો હતો. ભારતીય સેનાના જણાવ્યા અનુસાર આ ઘટનામાં કોઈને ઈજા થઈ નથી.

### પહલગામ હુમલામાં ૧૫ કાશ્મીરીઓનો હાથ છે

। (એજન્સી) જમ્મુ, તા.૨૭ ।

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં હિન્દુઓના નરસંહાર બાદ સુરક્ષા દળો સંપૂર્ણ કાર્યવાહીમાં છે. કાશ્મીર ખીણમાં આતંકવાદીઓનો ખાત્મો શરૂ થઈ ગયો છે. પુલવામાના ત્રાલમાં જૈશ-એ-મોહમ્મદના આતંકવાદી આમિર નઝીરનું ઘર તોડી પાડવામાં આવ્યું. તેમજ પુલવામાના ખાસીપોરામાં જૈશના આતંકવાદી અમીર નઝીર વાનીના ઘરને ઉડાવી દેવામાં આવ્યું. અત્યાર સુધીમાં કાશ્મીર ખીણમાં આતંકવાદીઓના કુલ ૯ ઘરોને ઉડાવી દેવામાં આવ્યા છે. આ પહેલા શોપિયા જિલ્લાના વાંદીના વિસ્તારમાં આતંકવાદી અદનાન શફીનું ઘર તોડી પાડવામાં આવ્યું હતું. અદનાન શફી લગભગ એક વર્ષ પહેલા લશ્કર-એ-તૈયબા આતંકવાદી સંગઠનમાં જોડાયો હતો. આ પહેલા કુપવાડામાં આતંકવાદી ફારૂક અહેમદના ઘરને ઉડાવી દેવામાં આવ્યું હતું.

### પહેલગામ હુમલા પર બોલ્યા સ્વામી વિજ્ઞાનાનંદ

## સર્જિકલ સ્ટ્રાઈકથી કામ નહીં ચાલે, હવે પાકિસ્તાનના પાંચ ટૂકડા કરવા પડશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ સમગ્ર દેશમાં ગુસ્સો છે. આ આતંકવાદી હુમલા પછી, ભારત સરકારે ઘણા મોટા નિર્ણયો લીધા છે. આ દરમિયાન, હિન્દુ મેનિફેસ્ટો પુસ્તકના લેખક સ્વામી વિજ્ઞાનાનંદે પાકિસ્તાન પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું, "દુશ્મન માટે કોઈ દયા ન હોવી જોઈએ અને તેનો સંપૂર્ણ નાશ થવો જોઈએ. તેમણે કહ્યું છે કે તેઓ પીએમ મોદીને સમર્થન આપે છે. તેમણે એમ પણ કહ્યું કે વડા પ્રધાને આવું નિવેદન આપ્યું છે અને નાગરિકો તરીકે અમે તેનું સમર્થન કરીએ છીએ. હિન્દુ મેનિફેસ્ટોમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે દુશ્મનને હરાવવો અને નાશ કરવો જ જોઈએ. દુશ્મનને હરાવ્યા પછી, તેનો સંપૂર્ણ નાશ કરવો જરૂરી છે જેથી તે ફરીથી ઉભો ન થઈ શકે. તેમણે કહ્યું કે પહેલા આપણે ૧૯૪૮, ૧૯૬૫, ૧૯૭૧ અને ૧૯૯૯માં ભૂલો કરી હતી અને હવે આપણે તેને પુનરાવર્તન ન કરવી જોઈએ.



આપણી સુરક્ષા નાની ઘટનાઓથી નક્કી થઈ શકતી નથી. આપણે અંતિમ અને નિર્ણાયક પગલું ભરવું પડશે.

તેમણે ઉદાહરણ આપ્યું કે એક જનરલે કહ્યુ હતુ કે આપણે પાકિસ્તાનને પાંચ ભાગમાં વહેંચી દેવું જોઈએ. સિંધ, બલુચિસ્તાન, પીઓકે, પઠાણિસ્તાન અને પંજાબને અલગ કરવા જોઈએ. આનાથી પાકિસ્તાન ૫૦ વર્ષ સુધી શાંત રહેશે. તેમણે કહ્યું કે હવે સર્જિકલ સ્ટ્રાઈક જેવી કાર્યવાહી કામ નહીં કરે. જો આપણે પાકિસ્તાન સાથે વ્યવહાર કરવો હોય તો અંતિમ ઉકેલ હોવો જોઈએ. હિન્દુ મેનિફેસ્ટો મુજબ, દુશ્મનને હરાવવા અને તેનો નાશ કરવો એ આપણું કર્તવ્ય છે.

### આતંકવાદીઓએ ઘરમાં ઘૂસીને ગોળી મારી દીધી

। (એજન્સી) જમ્મુ, તા.૨૭ ।

પહલગામ આતંકવાદી હુમલા પછી, સમગ્ર જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષા દળો એલર્ટ મોડ પર છે. એવામાં આતંકવાદ વિરોધી કાર્યવાહી સુરક્ષા દળોએ છેલ્લા ૨૪ કલાકમાં કાશ્મીર ઘાટીમાં સક્રિય આતંકવાદીઓના ચાર વધુ ઘરોને ઉડાવી દીધા છે, ત્યારે આતંકવાદીઓએ એક સામાજિક કાર્યકરની ગોળી મારીને હત્યા કરી દીધી છે. જમ્મુ અને કાશ્મીરના કુપવાડા જિલ્લામાં શંકાસ્પદ બંદૂકધારીઓએ શનિવારે મોડી રાત્રે ૪૫ વર્ષીય ગુલામ રસૂલ માગરે નામના સામાજિક કાર્યકારની તેમના નિવાસસ્થાને ગોળી મારી દેવામાં આવી હતી. જેમાં તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. તેમને તાત્કાલિક તબીબી સુવિધા માટે લઈ જવામાં આવ્યા હતા પરંતુ સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું.

### ૧ કલાકની મહેનત બાદ આગ પર કાબુ મેળવી શક્યા

## દક્ષિણ મુંબઈના બેલાર્ડ એસ્ટેટમાં આવેલી EDની ઓફિસમાં આગ

### ઓફિસ કરીમભોય રોડ પર ગ્રાન્ડ હોટેલ પાસે આવેલી છે

। (એજન્સી) મુંબઈ, તા.૨૭ ।

દક્ષિણ મુંબઈના બેલાર્ડ એસ્ટેટમાં આવેલી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) ની ઓફિસમાં ભીષણ આગ લાગી હોવાના સમાચાર છે. જેના કારણે સમગ્ર વિભાગમાં ખળભળાટ મચી ગયો છે. ઘટનાની માહિતી મળતા જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને આગ ઓલવવાનું કામ શરૂ કરવામાં આવ્યું હતું.

આ મામલે અધિકારીઓનું કહેવું છે કે હજુ સુધી કોઈ જાનહાનિની માહિતી મળી નથી. અધિકારીઓએ જણાવ્યું હતું કે ફાયર બ્રિગેડને આજે રાત્રે લગભગ ૨:૩૧ વાગ્યે બહુમાળી કૈસર-એ-હિન્દ ઈમારતમાં આગ લાગવાની માહિતી મળી હતી. જેમાં ઈડી ની ઓફિસ કરીમભોય રોડ પર ગ્રાન્ડ હોટેલ પાસે આવેલી



છે. ફાયર વિભાગના જણાવ્યા અનુસાર, લગભગ ૧ કલાકની મહેનત બાદ, સવારે લગભગ ૩:૩૦ વાગ્યા સુધીમાં આગ પર મોટાભાગે કાબુ મેળવી લેવામાં આવ્યો હતો.

ફાયર અધિકારીઓ પાસેથી મળેલી માહિતી મુજબ, આગ લેવલ-૨ ની હતી. જેને સામાન્ય રીતે મોટો અકસ્માત માનવામાં આવે છે. જો કે આગ લાગવાનું કારણ હજુ સુધી જાણવા નથી મળ્યું. આગ ઓલવવા માટે ૮ ફાયર એન્જિન મોકલવામાં આવ્યા હતા.

### પાકિસ્તાન વિરુદ્ધ મોટા પુરાવા મળ્યા

## પહેલગામ આતંકી હુમલો કરનારા શંકાસ્પદ ત્રાસવાદી કેમેરામાં કેદ

### આ પ્રવાસીએ સમગ્ર વીડિયોની જાણકારી પહેલાગામ આતંકી હુમલાની તપાસ કરતી ઉચ્ચ સુરક્ષા એજન્સી NIAને આપી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

ગત મંગળવાર અને ૨૨મી એપ્રિલના રોજ પહેલગામ બૈસરન ખાતે કટ્ટર આતંકવાદીઓએ લોકોનો ધર્મ પુછી પુછીને ૨૬ નિર્દોષ પ્રવાસીઓને મોતને ઘાટ ઉતાર્યા હતા. આ ઘટનાના પડઘા સમગ્ર દેશમાં પડ્યા છે. કાશ્મીરમાં પણ તેમની મુખ્ય રોજીરોટી સમાન પ્રવાસીઓ ઉપર કરાયેલા હિચકારા હુમલાના વિરોધમાં ઉગ્ર દેખાવ કરાયા હતા. પહેલગામ બૈસરન આતંકી ઘટના પાકિસ્તાન પ્રેરિત હોવાનુ પ્રાથમિક રીતે સાબિત થતા જ ભારતે પાકિસ્તાન વિરુદ્ધ અનેક પગલાંઓ લીધા છે. આતંકી આ ઘટનાની તપાસ દેશની



ઉચ્ચ સુરક્ષા એજન્સી NIAને સોંપવામાં આવી છે. આ સંજોગોમાં હવે એક એવો વીડિયો સામે આવ્યો છે, જેમાં શંકાસ્પદ બે આતંકવાદીઓ મોબાઈલ વીડિયોમાં કેદ થયા છે. જે અત્યાર સુધીના સૌથી મોટા સમાચાર હોવાની સાથેસાથે આતંકીઓના સગડ મેળવવામાં મોટી કડી સમાન રહેશે. ત્રાસવાદી હુમલા બાદ હુમલાખોર આતંકવાદીઓના સ્કેચ જાહેર કરવામાં આવ્યા હતા. પરંતુ હવે આ શંકાસ્પદ આતંકવાદીઓ કેમેરામાં કેદ થયા હોવાની વિગતો સામે આવી છે. મહારાષ્ટ્રમાં એક પ્રવાસીના મોબાઈલ ફોનમાં આ શંકાસ્પદ આતંકવાદીઓ કેદ થયા છે. માવલના પ્રવાસી શ્રીજીત રમેશે આ સંદર્ભમાં NIAને સંપૂર્ણ જાણકારી આપી છે. મહારાષ્ટ્રના આ પ્રવાસી પહેલગામ ગયા હતા, જ્યાં તેઓ તેમની પુત્રીનો એક વીડિયો બનાવી રહ્યા હતા, ત્યારે શંકાસ્પદ આતંકવાદીઓ તેમા કેદ થયા હોવાનું કહેવાઈ રહ્યું છે. આ વીડિયો હાલમાં NIAને સોંપવામાં આવ્યો છે અને NIAએ વીડિયોને આધારે તપાસ શરૂ કરી દીધી છે.

### પથ્થરમારામાં પાંચ કર્મચારી ઘાયલ, પોલીસનું ફાયરિંગ

## કટિહારમાં ટોળાનો પોલીસ સ્ટેશન પર હુમલો કરાયો

### ટોળું એક આરોપીને છોડાવવા આવ્યું હતું, ત્યારબાદ પોલીસ સ્ટેશન પર પથ્થરમારો કર્યો છે

। (એજન્સી) કટિહાર, તા.૨૭ ।

બિહારના કટિહાર જિલ્લામાં રોષે ભરાયેલા ટોળાએ દંડખોરા પોલીસ સ્ટેશન પર હુમલો કર્યો છે, જેમાં પાંચ પોલીસ કર્મચારીઓ ઈજાગ્રસ્ત થયા છે. ટોળું એક આરોપીને છોડાવવા આવ્યું હતું, ત્યારબાદ પોલીસ સ્ટેશન પર પથ્થરમારો કર્યો છે. પોલીસે પણ ભીડને વિખેરવા આત્મરક્ષા માટે ફાયરિંગ કરવું પડ્યું છે. ઘટના બાદ પોલીસને કાફલો ખડકી દેવાયો છે અને મામલાની તપાસ શરૂ કરી દેવાઈ છે.

કટિહારના એસપી વૈભવ શર્માએ કહ્યું કે, ‘શુક્રવારે મોડી રાત્રે દંડખોર પોલીસ સ્ટેશન પર ટોળું આવ્યું હતું. ટોળાએ દારુબંધી કાયદાના ઉલ્લંઘનમાં કસ્ટડીમાં લેવાયેલા વ્યક્તિને છોડાવવાનો પ્રયાસ કર્યો હતો. ટોળું પોલીસ સ્ટેશનના પરિસરમાં ઘૂસી ગયું



હતું અને ડ્યુટી પર હાજર પોલીસ કર્મચારીઓ પર પથ્થરમારો કર્યો હતો. જેમાં પાંચ પોલીસ કર્મચારીઓ ઈજાગ્રસ્ત થયા છે. એસપીએ કહ્યું કે, ‘પોલીસ કર્મચારીઓને ટોળાને વિખેરવા માટે આત્મરક્ષણમાં ફાયરિંગ કર્યું છે.

ટોળું લોકઅપમાં બંધ વ્યક્તિને છોડાવી શકી નથી. આ મામલામાં પાંચ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આરોપીઓ વિરુદ્ધ ભારતી ન્યાય સંહિતા હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. વર્ષ ૨૦૧૬માં બિહારમાં દારુના વેચાણ પર પ્રતિબંધ લગાવાયો હતો.

**ન્યૂઝ બ્રિફ**

## ૫ દિવસમાં ૩૦થી વધુ લોકોને હોસ્પિટલમાં ખસેડાયા

। (એજન્સી) રાજકોટ, તા.૨૭ ।

છેલ્લા પાંચ દિવસથી રાજકોટ શહેરમાં હિટ વેવનો ભોગ બનેલાઓને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી રહ્યા છે. ૧૦૮ દ્વારા ૩૦થી વધુ લોકોને સારવાર માટે મોકલવામાં આવ્યા છે. ૧૦૮ ઈમર્જન્સી સુવિધામાં ICU વિથ બેડ સહિતની પ્રાથમિક સારવાર પૂરી પાડવામાં આવે છે, જેમાં ગ્લુકોઝ અને ઓઆરએસ પણ સામેલ છે. લોકલ ૧૮ સાથે વાત કરતા ૧૦૮ કર્મી ધીરેન પરમારે જણાવ્યું કે, હિટ વેવના કારણે ડિહાઈડ્રેશન, હીટ લગવી, હાઈ ફીવર, ઝાડા, અને ઉલટી જેવી તકલીફો જોવા મળી રહી છે. આ પ્રકારના દર્દીઓને તાત્કાલિક સિવિલ હોસ્પિટલે ખસેડી તેમની સારવાર શરૂ કરવામાં આવે છે. સિવિલ હોસ્પિટલે સ્પેશિયલ વોર્ડ ઉભો કર્યો છે, જ્યાં હિટ વેવની અસરગ્રસ્ત વ્યક્તિઓની સંપૂર્ણ સારવાર કરવામાં આવે છે. ૧૦૮ ટીમ સતત દોડી રહી છે.

## વેપારીને GSTના દરોડાની ધમકી આપી ખંડણી માગી

। (એજન્સી) સુરત, તા.૨૭ ।

સુરતમાં ખંડણી માગવાની વધુ એક ફરિયાદ સામે આવી છે. શહેરમાં એક સ્ક્રેપના વેપારીને GSTના દરોડાની ધમકી આપી ખંડણી માગી લાખો રૂપિયા પડાવવામાં આવ્યા. અમિત તિવારી નામના શખ્સ દ્વારા વેપારીને નવી ફર્મમાં દરોડા પડાવવાની ધમકી આપવામાં આવી હતી. વેપારીએ રૂપિયામાં આનાકાના કરવા પર માગ્યા મુજબ પૈસા નહી આપે તો 'તારી પત્નીનું અપહરણ કરતા વાર નહિ લાગે તેવી ધમકી આપી હતી. અમિત તિવારી નામના શખ્સ દ્વારા સ્ક્રેપ ના વેપારી પાસેથી ૫૦ લાખની ખંડણી માગવામાં આવી હતી. વેપારીએ આ મામલે વેસુ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધી. ઈન્દ્રજીત પ્લાબન મિત્રા દ્વારા કરવામાં આવે ફરિયાદ બાદ વેસુ પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છેબ્લેકમેર કરી પડાવ્યા રૂપિયા પોલીસ ફરિયાદમાં સ્ક્રેપના વેપારીએ જણાવ્યુ કે અમિત તિવારી નામનો શખ્સ તેમને બ્લેક મેલ કરી રહ્યો છે. આ શખ્સ દ્વારા તેમની પાસેથી ૫૦ લાખની ખંડણી માગવામાં આવી. આ શખ્સ દ્વારા માગ્યા મુજબ રૂપિયા ના આપતા તેણે GST ના દરોડા પાડવાની ધમકી આપી.

### અમદાવાદ-સુરતમાં પોલીસની મોટી કાર્યવાહી

# ૧૦૦૦થી વધુ શંકાસ્પદ બાંગ્લાદેશીઓની અટકાયત

। (એજન્સી) અમદાવાદ, તા.૨૭ ।

પહલગામમાં આતંકી હુમલા બાદ ગુજરાત સરકાર પણ એલર્ટ થઈ ગઈ છે ત્યારે વિવિધ વિસ્તારોમાંથી પાકિસ્તાનીઓને શોધી શોધીને તગેડી મૂકવામાં આવી રહ્યા છે ત્યારે અમદાવાદ અને સુરતથી એક ચોંકાવનારા સમાચાર સામે આવી રહ્યા છે. બંને મોટા શહેરોમાં દરોડા દરમિયાન શહેરમાંથી લગભગ હજારથી વધુ શંકાસ્પદ બાંગ્લાદેશીઓ પકડાયાનો દાવો કરાયો છે જેમાં મહિલા અને પુરુષો બંને સામેલ છે. જેમાં અમદાવાદમાંથી ૮૯૦ અને સુરતમાંથી ૧૩૪ ગેરકાયદે બાંગ્લાદેશીઓની અટકાયત કરવામાં આવી છે. આ લોકોના દસ્તાવેજોની ચકાસણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. અમદાવાદમાં અટકાયતમાં લેવાયેલા ૪૦૦ લોકોને કાંકરિયા ફૂટબોલ ગ્રાઉન્ડ ખાતે લઈ જવાયાની વિગતો મળી રહી છે. માહિતી અનુસાર હાલમાં ૬ ટીમ બનાવીને તમામ શંકાસ્પદોની અટકાયત કરી લેવામાં આવી છે અને તેમના દસ્તાવેજોની ચકાસણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. સૂત્રોના જણાવ્યાનુસાર સુરતના સચિન, ઉન, લાલગેટ અને લિંબાયત સહિતના અમુક વિસ્તારોમાં આ દરોડાની કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસે પ્રાથમિક તપાસમાં એવો દાવો કર્યો હતો કે આ લોકો પાસે ભારત સરકાર દ્વારા માન્ય આધારકાર્ડ પણ મળી આવ્યા છે. જ્યારે અમદાવાદમાં ચંડોળા તળાવ વિસ્તારમાંથી ૪૦૦થી વધુ લોકોની અટકાયત કરવામાં આવી હતી જેમના શંકાસ્પદ બાંગ્લાદેશી હોવાની જાણકારી મળી રહી છે. ઉલ્લેખનીય છે કે કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા તમામ રાજ્યોને આદેશ આપવામાં આવ્યો હતો કે ૪૮ કલાકમાં તમામ પાકિસ્તાનીઓને વતન ભેગા કરવામાં આવે. જેના પર કાર્યવાહી કરતી વખતે જ પોલીસના હાથે આ બાંગ્લાદેશીઓ ચઢી ગયાનો દાવો કરાયો છે. રાજ્યના ગૃહ મંત્રી હર્ષ સંઘવી અગાઉ જ પાકિસ્તાની નાગરિકોને પણ અલ્ટીમેટમ આપી ચૂક્યા હતા.

મળતી માહિતી અનુસાર અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા વિદેશી ઘૂસણખોરો સામે આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ક્રાઈમ બ્રાન્ચની સાથે સાથે આ તપાસમાં એસઓસી, ઈઓડબ્લ્યૂ અને ઝોન ૬ હેડક્વાર્ટરની ટીમોએ કોમ્બિંગ હાથ ધર્યું હતું જેમાં ૮૯૦ શંકાસ્પદ બાંગ્લાદેશીઓ ઝડપાયા હતા. સુરત પોલીસ કમિશનરની કચેરી ખાતેથી શનિવારે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ રાજ્યના તમામ જિલ્લાના પોલીસ વડા, રેન્જ વડા અને લૉ એન્ડ ઓર્ડર તેમજ આઈ.બીના ઉચ્ચ અધિકારીઓ સાખે વીડિયો કોન્ફરન્સ યોજીને અભિયાનના સઘન બનાવવા બાંગ્લાદેશઓની તમામ ગતિવિધિઓ અંગે બારીક તપાસ કરીને કડક કાર્યવાહીના નિર્દેશ આપ્યા હતા. બીજી બાજું શનિવારે અમદાવાદ પોલીસ કમિશનર કચેરી ખાતેથી રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે પત્રકાર પરિષદ યોજી અભિયાનની વિસ્તૃત વિગત આપી હતી.

રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે જણાવ્યું કે, બનાવટી દસ્તાવેજો બનાવનારા બંગાળના ગુનાઈત નેટવર્કની તપાસ ચાલુ છે. ઝડપાયેલા બાંગ્લાદેશીઓને કાનૂની પ્રક્રિયા પૂર્ણ કરી તેમના મૂળ દેશ બાંગ્લાદેશ પરત મોકલવામાં આવશે. આ સિવાય હર્ષ સંઘવીએ ગેરકાયદે વસવાટ કરનારા બાંગ્લાદેશીઓને બે દિવસમાં સ્વૈચ્છિક રીતે પોલીસ સ્ટેશનમાં સરેન્ડર થવા ચેતવણી આપી છે, નહીં તો તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

### શહીદ જવાનના ભાઈની હચમચાવી મૂકતી સ્પીચ

# મને ગર્વ છે કે મારા ભાઈએ દેશ માટે પોતાનો જીવ આપ્યો છે

### ભારતીય સેનાના સૈનિક ઝંટુ અલી શેખને તેમના વતનમાં સંપૂર્ણ લશ્કરી સન્માન સાથે દફનાવવામાં આવ્યા હતા

। (એજન્સી) નાદિયા, તા.૨૭ ।

જમ્મુ અને કાશ્મીરના ઉધમપુર જિલ્લાના દુદા બસંતગઢ વિસ્તારમાં એન્ટી ટેરર ઓપરેશન દરમિયાન શહીદ થયેલા ભારતીય સેનાના સૈનિક ઝંટુ અલી શેખને પશ્ચિમ બંગાળના નાદિયા જિલ્લામાં તેમના વતનમાં સંપૂર્ણ લશ્કરી સન્માન સાથે દફનાવવામાં આવ્યા હતા. શહીદ જવાનના અંતિમ સંસ્કારમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. આ દરમિયાન ઝંટુ અલી શેખના ભાઈ રફીકુલ શેખ દ્વારા આપવામાં આવેલું ભાષણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યું છે. લોકો શહીદ જવાન અને તેમના પરિવારની વિચારસરણીને સલામ કરી રહ્યા છે. તમને જણાવી દઈએ કે, ઝંટુ અલી શેખનો ભાઈ રફીકુલ શેખ પણ ભારતીય સેનામાં સુબેદાર છે. ઝંટુ અલી શેખ ભારતીય સેનાના ૬ પેરા સ્પેશિયલ ફોર્સમાં હવાલદારના પદ પર હતો. તેણે આગ્રામાં પેરા કમાન્ડોની ટ્રેનિંગ પૂર્ણ કરી હતી. તે જમ્મુ અને કાશ્મીરમાં સેનાના વ્હાઈટ નાઈટ કોર્પ્સમાં પોસ્ટેડ હતો. પહેલગામ હુમલા બાદ સેનાને માહિતી મળી હતી કે, કેટલાક આતંકવાદીઓ જંગલોમાં છુપાયેલા છે. આ ગુપ્ત માહિતીના આધારે સુરક્ષા દળોએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું, જેમાં આતંકવાદીઓ સાથેની એન્કાઉન્ટરમાં ઝંટુ અલી શેખને ગોળી વાગી અને તે શહીદ થયો.

સુબેદાર રફીકુલે પોતાના ભાઈને દફનાવ્યા બાદ વાત કરી કરતાં કહ્યું કે, 'આતંકવાદીઓએ મારા ભાઈ ઝંટુ અલી પર પાછળથી હુમલો કર્યો. અમારું કામ તેની શહાદતનો બદલો લેવાનું છે. અમે બદલો લઈશું અથવા મરી જઈશું.' તેમણે સ્થાનિક લોકોને અપીલ કરી, 'મારા ભાઈને બે બાળકો છે. કૃપા કરીને તેમના માટે કંઈક વ્યવસ્થા કરો.' પોતાના ભાઈના બલિદાન પર વાત કરતાં તેમણે કહ્યું, 'મને ગર્વ છે કે મારા ભાઈએ દેશ માટે પોતાનો જીવ આપ્યો છે. દુખ અપાર છે. પરંતુ લાખોમાંથી થોડા લોકોને જ દેશ માટે મરવાની તક મળે છે. તે ફક્ત અમારા પરિવારનું ગૌરવ જ નહીં, પરંતુ સમગ્ર નાદિયા જિલ્લા અને બંગાળનું ગૌરવ છે.' સુબેદાર રફીકુલે પોતાના ભાઈના પગલે ચાલવાની ઈચ્છા વ્યક્ત કરી અને કહ્યું, 'હું મારા ભાઈના પુત્ર અને પુત્રીને સેનામાં મોકલવાનો પ્રયાસ કરીશ.

### એજન્સીઓ અને કર્મચારીઓ વિરૂદ્ધ ફરિયાદ

# દાહોદમાં મનરેગા યોજના અંતર્ગત ૭૦ કરોડની ઉચાપત

। (એજન્સી) દાહોદ, તા.૨૭ ।

દાહોદ જિલ્લામાં નકલી NA જમીન કૌભાંડ બાદ, ૨૦૨૧ થી ૨૦૨૫ દરમિયાન મનરેગા યોજના હેઠળ થઈ રહેલા કામોમાં ખોટા દસ્તાવેજો બનાવીને ગેરરીતિઓ આચરવામાં આવી છે. આ ગેરરીતિની રકમ ૭૦ કરોડ રૂપિયાની ઉચાપત થઈ છે. ગઈકાલે આ મામલે દાહોદ પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી અને પોલીસે ધાનપુર અને દેવગઢ બારિયાની ૩૫ એજન્સીઓ સામે ગુનો નોંધ્યો છે. મળતા અહેવાલો મુજબ દાહોદ જીલ્લાનાં દેવગઢ બારિયા તાલુકાના કૂવા અને ધાનપુર ના રેઢાણા અને સીમામોઈ સહિત ત્રણ ગામોમાં મનરેગાના કામોમાં માટી ધાતુનો રસ્તો, સીસી રોડ, ચેક વોલ, પથ્થરનો બંધ જેવા કામોમાં ફક્ત ઉપરછલ્લું કામ જ કરવામાં આવ્યું હતું. આ કામોના પ્રમાણપત્ર (કમ્પલિશન સર્ટિફિકેટ) સબમિટ કર્યા પછી જે એજન્સીના નામે કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો તેના બદલે અન્ય એજન્સીઓને ચુકવણી કરવામાં આવી હતી. જે એજન્સીઓને ચુકવણી કરવામાં આવી છે તે એવી એજન્સીઓ છે જેમણે ટેન્ડર પ્રક્રિયામાં ભાગ પણ લીધો ન હતો.કૌભાંડ મામલે પંચાયતના જવાબદાર અધિકારીઓ દ્વારા તપાસ કર્યા પછી, વચગાળાના અહેવાલના આધારે જિલ્લા વિકાસ અધિકારીને અહેવાલ સુપરત કરવામાં આવ્યો હતો. ત્યારબાદ, DRDA ડિરેક્ટરની ફરિયાદના આધારે, પોલીસે દેવગઢ બારિયાની ૨૮ એજન્સીઓ અને ધાનપુર તાલુકાની ૭ એજન્સીઓ સહિત માલ સપ્લાય કરતી ૩૫ એજન્સીઓ સામે પૈસા સહિત કેસ નોંધીને સમગ્ર જિલ્લામાં ખળભળાટ મચાવી દીધો છે.

### ખખડધજ રિક્ષાઓ પણ દોડતી હોય અન્ય વાહનોને અડચણરૂપ થાય છે

# ટ્રાફિક શાખા એક્શનમાં, ફિટનેસ સર્ટિફિકેટ વગર દોડતી રિક્ષાઓને ડીટેઈન કરવામાં આવી

### આગામી દિવસોમાં ફિટનેસ સર્ટિફિકેટ વગર દોડતી રિક્ષાઓને ડીટેઈન કરી કાયદેસરની કાર્યવાહી થશે

। (એજન્સી) વડોદરા, તા.૨૭ ।




વડોદરા શહેરમાં અન્ય વાહનોની સરખામણીમાં વધારે પડતી રિક્ષાનું પ્રમાણ જોવા મળતા ટ્રાફિક શાખા એક્શનમાં આવી છે અને આગામી દિવસોમાં ફિટનેસ સર્ટિફિકેટ વગર દોડતી રિક્ષાઓને ડીટેઈન કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. વડોદરા શહેર દિન પ્રતિદિન શહેરમાં અનેક ગામડાઓ ભળી જતા શહેરનો વ્યાપ વધ્યો છે. ત્યારે સાયકલ, દ્વિચક્રી વાહનો, થ્રી વ્હીલર ટેમ્પા, ઓટો રિક્ષા અને કારની સંખ્યામાં પણ વધારો જોવા મળી રહ્યો છે. રસ્તા અને શહેરની સંખ્યા જોતા હાલ વડોદરા શહેરમાં થ્રી વ્હીલર ટેમ્પા અને રિક્ષા મળી કુલ ૫૫,૦૦૦થી વધુ સંખ્યા આરટીઓમાં નોંધાઈ છે. ત્યારે શહેરમાં આડેધડ પાર્ક સાથે રિક્ષાઓ અને તેની સાથે શટલ રિક્ષાઓનું દુષણ વધતા પોલીસનો ટ્રાફિક વિભાગ પણ એક્શનમાં આવ્યો છે. હાલમાં ખખડધજ રિક્ષાઓ પણ દોડતી હોય અન્ય વાહનોને અડચણરૂપ થાય છે, જેને લઈ શહર ટ્રાફિક પોલીસ આગામી દિવસોમાં ઓટો રિક્ષા સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરનાર છે. જેમાં જે પણ રિક્ષાઓના ફિટનેસ સર્ટિફિકેટ નહીં હોય તેવી રિક્ષાઓ ડીટેઈન કરી આરટીઓને સાથે રાખી માતબર દંડ ફટકારી ડિટેઈન કરવા સહિતની કાર્યવાહી હાથ ધરાશે. જેમાં અત્યાર સુધી ટ્રાફિક પોલીસ દ્વારા વડોદરા શહેરના ૪,૦૦૦ જેટલા રિક્ષા ચાલકો જેમણે ખોટી રીતે પાર્કિંગ કર્યું હોય, રિક્ષાનો શટલ રિક્ષા તરીકે ઉપયોગ કર્યો હોય તેવા તમામ રિક્ષાચાલકો સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવી છે. રિક્ષાઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવા મામલે ટ્રાફિક એસીપી ડી.એમ.વ્યાસે સ્પષ્ટ કર્યું છે કે હાલમાં શહેરમાં રિક્ષાઓનો વ્યાપ વધતા અને ફિટનેસ વગરની રિક્ષા ફરતી હોય પગલા ભરવા આવશ્યક છે.

## પાલનપુર-ગાંધીનગરના ૫૦ પ્રવાસીઓ જમ્મૂ-કશ્મીરથી વતન પરત ફર્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૭ ।

જમ્મુ અને કાશ્મીરના રામબનમાં ૨૦ એપ્રિલ, ૨૦૨૫ના રોજ વાદળ ફાટવાની દુર્ઘટના સર્જાઈ હતી. જેમાં અનેક વિસ્તારમાં ભારે વરસાદ થવાથી ભૂસ્ખલન થયું હતું. જ્યારે જમ્મુ કાશ્મીરના પ્રવાસે ગયેલા ગુજરાતીઓ કુદરતી આફતના કારણે ફસાયા હતા. જેમાં રામબન જિલ્લાના ને.હાઈવે નંબર ૧૪ પર બનાસકાંઠાના પાલનપુર અને ગાંધીનગરના પ્રવાસીઓ અટવાયા હતા. જેને લઈને ભારતીય સેના અને પ્રશાસનો દ્વારા ગુજરાતના પ્રવાસીઓને આર્મી કેમ્પમાં સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. જ્યારે શનિવારે (૨૬ એપ્રિલ, ૨૦૨૫) ૬ દિવસ બાદ પાલનપુર-ગાંધીનગરના ૫૦ પ્રવાસીઓ હેમખેમ વતન પરત ફર્યા છે. જમ્મુ કાશ્મીરના રામબન જિલ્લાના ને.હાઈવે નંબર ૧૪ પર બનાસકાંઠા અને ગાંધીનગરના ૫૦ પ્રવાસીઓ ભૂસ્ખલનને કારણે ફસાયા હતા.

### ડાક વિભાગ હવે ફક્ત પત્રો પૂરા પાડતું નથી, પરંતુ દેશની પ્રગતિમાં સક્રિયપણે યોગદાન આપતું આધુનિક અને ગતિશીલ સંગઠન છે : પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

# 'ડિજિટલ ઇન્ડિયા' અને 'વિકસિત ભારત'માં ડાક વિભાગ બહુપક્ષીય સેવા પ્રદાતા તરીકે પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે : પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

### 'ડાક સેવા-જન સેવા' હેઠળ, પોસ્ટ વિભાગ નાણાકીય સમાવેશ અને નાગરિક-કેન્દ્રિત સેવાઓ પર પણ ધ્યાન કેન્દ્રિત કરે છે : પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ





। અમદાવાદ ।

ડાક વિભાગ હવે માત્ર પત્રો પહોંચાડતું સંસ્થાન નથી, પણ દેશની પ્રગતિમાં સક્રિય ફાળો આપતું એક આધુનિક અને ગતિશીલ સંસ્થાન બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે. ડિજિટલ યુગમાં ડાક વિભાગ એક બહુવિધ સેવા પ્રદાતા તરીકે ઉભરી રહ્યું છે, જેના દ્વારા અનેક યોજનાઓ અમલમાં મૂકવામાં આવી રહી છે. ઉપરોક્ત વિચારો સૌરાષ્ટ્ર અને કચ્છ પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે ૨૫ એપ્રિલ ૨૦૨૫ ના રોજ રાજકોટમાં વિભાગીય વડાઓની આર્થિક વર્ષ ૨૦૨૪-૨૫ ના કાર્યોની સમીક્ષા બેઠક અને શ્રેષ્ઠતા સન્માન વિતરણ દરમિયાન વ્યક્ત કર્યા.

ડાક સેવાઓમાં નવીનતા સાથે તેની કાર્યક્ષમતા અને પહોંચ વધારવા, નાણાકીય સમાવિષ્ટતા, ડિજિટલાઈઝેશન, ટેક્નોલોજીનું એકીકરણ અને માર્કેટિંગની રણનીતિને મજબૂત બનાવવા પર તેમણે ભાર મૂક્યો. આ પ્રસંગે ડાક સેવાઓ અને તેની વિશેષતાઓને બતાવતી ગુજરાતી ભાષામાં એક પુસ્તિકાનું પણ વિમોચન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન, સૌરાષ્ટ્ર અને કચ્છ પરિક્ષેત્ર હેઠળના ૧૨ જિલ્લાઓની પોસ્ટ ઓફિસોમાં વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ કાર્ય બદલ ૪૫ થી વધુ પોસ્ટલ કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે, "ડાકઘરોમાં એક જ છત હેઠળ પત્ર-પાર્સલ, બચત બેંક, વિમો, ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક, ડીબીટી, ડિજિટલ બેંકિંગ, આધાર, પાસપોર્ટ, કોમન સર્વિસ સેન્ટર, ડાકઘર નિર્યાત કેન્દ્ર જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી રહી છે." ડાકઘર નિર્યાત કેન્દ્ર દ્વારા 'લોકલ ટુ ગ્લોબલ' સંકલ્પનાના અંતર્ગત સ્થાનિક ઉદ્યોગકારોને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે, જ્યારે પીએમ વિશ્વકર્મા યોજના હેઠળ દેશભરના લાભાર્થીઓને ટૂલ કિટ્સ ડાકઘરો મારફતે મોકલવામાં આવી રહી છે. ઈ-કોમર્સ, એમએસએમઈ, સ્થાનિક હસ્તકલા, ODOP (વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ) અને જી.આઈ. ઉત્પાદનોને ડાકઘરો મારફતે મોકલવા માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. વિશ્વના સૌથી મોટા ડાક નેટવર્કમાં હવે આઈટી મોડર્નાઈઝેશન પ્રોજેક્ટ ૨.૦ દ્વારા ભારતીય ડાક દૂરસ્થ ગ્રામિણ વિસ્તારોમાં પોતાના ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવવા જઈ રહ્યું છે, જેથી 'ડિજિટલ ઈન્ડિયા' અને 'વિકસિત ભારત'ના નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન આપી શકશે. 'ડાક સેવા - જન સેવા' હેઠળ ગણતંત્ર દિન, સ્વતંત્રતા દિનથી લઈને રાષ્ટ્રીય ડાક સપ્તાહ દરમિયાન ૭૨૦૧ 'ડાક ચોપાલ'ના માધ્યમથી નાગરિક કેન્દ્રિત સેવાઓ સાથે લોકોને જોડવાના અભિયાનમાં ડાક કર્મચારીઓની ઉત્સાહપૂર્ણ ભાગીદારીની તેમણે પ્રશંસા કરી.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં ઉત્તમ કામગીરી માટે શ્રી શ્રવણ કુમાર બુનકર, વરિષ્ઠ અધિક્ષક ડાકઘર, રાજકોટ મંડળને સૌથી વધુ નવા બચત બેંક ખાતા ખોલવા અને સૌથી વધુ આધાર રેવન્યૂ માટે સન્માનિત કર્યા. તેમજ ભાવનગર મંડળના અધિક્ષક શ્રી દર્શન તપસ્વી ને સૌથી વધુ નેટ બચત ખાતા ખોલવા, સૌથી વધુ પોસ્ટલ ઓપરેશન રેવન્યૂ અને સૌથી વધુ સ્પીડ પોસ્ટ આવક માટે, સુરેન્દ્રનગર મંડળના અધિક્ષક શ્રી સંજયકુમાર મિસ્ત્રી ને સર્વોચ્ચ ડાક જીવન વિમા પ્રીમિયમ, સર્વોચ્ચ ગ્રામ્ય ડાક જીવન વિમા પ્રીમિયમ, આધાર રેવન્યૂ, નેટ બચત ખાતા ખોલવા અને સ્પીડ પોસ્ટ/રજિસ્ટર્ડ પોસ્ટના ઉત્તમ વિતરણ માટે, કચ્છ મંડળના અધિક્ષક ને નેટ બચત ખાતા ખોલવા, ગ્રામ્ય ડાક જીવન વિમા પ્રીમિયમ અને પાર્સલ આવક માટે, જામનગર મંડળના અધિક્ષક શ્રી વિપુલ ગુપ્તા ને સૌથી વધુ પાર્સલ આવક અને આધાર રેવન્યૂ માટે, પોરબંદર મંડળના અધિક્ષક શ્રી રતિલાલ પટેલને પોસ્ટલ ઓપરેશન રેવન્યૂ અને ગ્રામ્ય ડાક જીવન વિમા પ્રીમિયમ માટે, ગોંડલ મંડળના અધિક્ષક શ્રી કૃણાલ શુક્લા ને પાર્સલ આવક અને ડાક જીવન વિમા પ્રીમિયમ માટે, અમરેલી મંડળના અધિક્ષક શ્રી ભાવેશ પટેલ ને ડાક જીવન વિમા પ્રીમિયમ માટે, જુનાગઢ મંડળના અધિક્ષક ને પોસ્ટલ ઓપરેશન રેવન્યૂ માટે, રેલ ડાક સેવા 'આર.જે' મંડળ, રાજકોટ ના અધિક્ષકને સ્પીડ પોસ્ટ આવક માટે સન્માનિત કરવામાં આવ્યા.

મંડળો સાથે સાથે ઉપમંડળ સ્તરે ઉત્તમ કામગીરી કરનાર અધિકારીઓને પણ સન્માનિત કરવામાં આવ્યા. આમાં સહાયક અધિક્ષક, સુરેન્દ્રનગર (ઉત્તર) મંડળના શ્રી બળદેવભાઈ ચાવડા, રાજુલા ઉપમંડળના ડાક નિરીક્ષક શ્રી દિલીપ ભુતૈયા, સહાયક અધિક્ષક, ભાવનગર (પશ્ચિમ) મંડળના શ્રી કૃષ્ણદેવસિંહ સરવૈયા ને ડાક ઘર બચત બેંક અંતર્ગત ડાક ઉપમંડળ શ્રેણીમાં નેટ ખાતા ખોલવાના ક્રમશઃ પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન માટે પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે સન્માનિત કર્યા. ડેવલપમેન્ટ ઓફિસર (ડાક જીવન વિમા) શ્રી કુલદીપકુમાર પુજારા અને ડાયરેક્ટ એજન્ટ શ્રી ગોપાલજી જાડેજાને પણ સન્માનિત કરવામાં આવ્યા. સન્માનિત થયેલાઓમાં ડાક અધિક્ષક તેમજ સહાયક ડાક અધિક્ષક, ડાક નિરીક્ષક, પોસ્ટમાસ્ટર, પોસ્ટલ આસિસ્ટન્ટ, બ્રાન્ચ પોસ્ટમાસ્ટર અને ગ્રામીણ ડાક સેવકોનો સમાવેશ થતો હતો.

આ અવસરે વિવિધ મંડળાધ્યક્ષો સાથે સહાયક નિદેશક શ્રી એમ.એચ. હરન અને શ્રી કે.એસ. ઠક્કર, લેખા અધિકારી શ્રી જુગલ કિશોર, સહાયક ડાક અધિક્ષક સુશ્રી પાયલ મેહતા, શ્રી એમ.વી. જોશી, શ્રી એસ.જે. ચુડાસમા, શ્રી કે.બી. પરમાર, ડાક નિરીક્ષક શ્રી ભાવેશ કુબાવત, શ્રી કિશોર ભાટી તથા અન્ય તમામ અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨



વેટિકન સિટીના સેન્ટ પીટર્સ સ્કવેર ખાતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પરમ પવિત્ર પોપ ફ્રાન્સિસને શ્રદ્ધાંજલિ આપી.

### જૂનથી ઓગસ્ટ સુધી કરી શકાશે કૈલાશ માનસરોવર યાત્રા

# ઉત્તરાખંડ અને સિક્કિમ રાજ્યના રૂટ પરથી આયોજિત કરવામાં આવશે યાત્રા

### ઉત્તરાખંડ અને સિક્કિમ રાજ્યના રૂટ પરથી આયોજિત કરાશે યાત્રા



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

વિદેશ મંત્રાલયે શનિવારે કૈલાશ માનસરોવર યાત્રા ૨૦૨૫'ની ઔપચારિક જાહેરાત કરી દીધી છે. આ યાત્રા જૂનથી ઓગસ્ટ ૨૦૨૫ દરમિયાન આયોજિત કરાશે. કૈલાશ માનસરોવર યાત્રા પોતાના ધાર્મિક મૂલ્ય અને સાંસ્કૃતિક મહત્વ માટે જાણીતી છે. ભગવાન શિવના નિવાસસ્થાન તરીકે હિન્દુઓ માટે મહત્વપૂર્ણ હોવાથી, તે જૈન અને બૌદ્ધો માટે પણ ધાર્મિક મહત્વ ધરાવે છે. વિદેશ મંત્રાલયના જણાવ્યા પ્રમાણે kmy.gov.in વેબસાઈટ પર અરજીઓ સ્વીકારવામાં આવી રહી છે. વર્ષ ૨૦૧૫થી ઓનલાઈન અરજીથી લઈને યાત્રાળુઓની પસંદગી સુધીની પ્રક્રિયા સંપૂર્ણપણે કોમ્પ્યુટરાઈઝ્ડ છે. આ વર્ષે ૫ બેચ (દરેકમાં ૫૦ યાત્રાળુઓ) ઉત્તરાખંડ રાજ્યથી લિપુલેખ રૂટ પરથી પસાર થઈને અને ૧૦ બેચ (દરેકમાં ૫૦ યાત્રાળુઓ) સિક્કિમ રાજ્યથી નાથુ લા રૂટ પરથી પસાર થઈને યાત્રા કરશે. યાત્રાળુઓની પસંદગી વિદેશ મંત્રાલય દ્વારા એક ન્યાયી પ્રક્રિયા દ્વારા કરવામાં આવશે અને તેમને અલગ અલગ રૂટ અને બેચ ફાળવવામાં આવશે. કોમ્પ્યુટરાઈઝ્ડ પ્રક્રિયા દ્વારા યાત્રાળુઓને ફાળવવામાં આવેલા રૂટ અને બેચમાં સામાન્ય રીતે ફેરફાર નહીં થશે. જો કે, જો જરૂરી હોય તો પસંદ કરાયેલા યાત્રાળુઓ બેચમાં ફેરફાર માટે વિનંતી કરી શકે છે. આ ફેરફાર માત્ર ત્યારે જ કરી શકાશે છે જ્યારે ખાલી જગ્યા ઉપલબ્ધ હશે. આ બાબતમાં મંત્રાલયનો નિર્ણય જ અંતિમ રહેશે. અગાઉ કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે શુક્રવારે આશ્વાસન આપ્યું હતું કે, 'પહલગામ આતંકવાદી હુમલા છતાં આ વર્ષે ૩ જુલાઈથી શરૂ થનારી અમરનાથ યાત્રા સરળતાથી ચાલશે. હુમલા છતાં ગોયલે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે કાશ્મીરમાં પર્યટન ટૂંક સમયમાં ફરી શરૂ થઈ જશે.

## ન્યૂઝ બ્રિફ

### પાક.ના બે ભાગલા કરી નાખો, ભલે POK ભારતમાં આવી જાય



। (એજન્સી) હૈદરાબાદ, તા.૨૭ ।

પહલગામ આતંકી હુમલા વિરુદ્ધ હૈદરાબાદના મુખ્યમંત્રી રેવંત રેડ્ડી દ્વારા કેન્ડલ માર્ચ કાઢવામાં આવી હતી. આ પ્રોટેસ્ટમાં હૈદરાબાદના સાંસદ અસદુદ્દીન ઓવૈસી, કોંગ્રેસ નેતા સલમાન ખુર્શીદ સહિત કેટલાય અન્ય મોટા લીડર્સ જોડાયા હતા. આતંકી હુમલા બાદની સ્થિતિના નિવારણ માટે કેન્દ્રને સમર્થન આપવાની વાત કરતા મુખ્યમંત્રી રેવંત રેડ્ડીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પાકિસ્તાન અને આતંકવાદીઓને જડબાતોડ જવાબ આપવાની વાત કહી છે. તેમણે કહ્યું કે, કડક એક્શન લેવી જોઈએ, ભલે તેનો મતલબ પીઓકેને ભારતમાં જોડવાનો હોય. આતંકી હુમલાના વિરોધમાં કેન્ડલ માર્ચ રેલીનું નેતૃત્વ કરી રહેલા રેવંત રેડ્ડીએ કહ્યું કે, પહલગામ જેવી ઘટનાઓને રોકવા માટે કેન્દ્ર સરકાર દ્વારા નિર્ણાયક કાર્યવાહી કરવાની જરુર છે. તેમણે યાદ અપાવ્યું કે, પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીએ ૧૯૭૧માં બાંગ્લાદેશના નિર્માણને લઈને તત્કાલિન પ્રધાનમંત્રી ઈંદિરા ગાઁધીની તુલના દેવી દુર્ગા સાથે કરી હતી. સીએમ રેડ્ડીએ કહ્યું કે, તમે (પીએમ મોદી) દુર્ગા માતાને યાદ રાખો, કાર્યવાહી કરો, પછી તે પાકિસ્તાન પર હુમલો કેમ ન હોય કે પછી બીજો કોઈ ઉપાય. આજે પાકિસ્તાન વિરુદ્ધ પગલા ઉઠાવવા જોઈએ. આ સમાધાન કરવાનો સમય નથી. જડબાતોડ જવાબ આપવો જોઈએ. આગળ વધો, અમે આપની સાથે છીએ. ૧૪૦ કરોડ ભારતીયો આપની સાથે છે. રેડ્ડીએ કહ્યું કે, પાકિસ્તાનના બે ભાગલા કરી નાખવા જોઈએ.

### જમ્મુ કાશ્મીરમાં કટોકટી માટે તૈયાર થઈ રહી છે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

ભારત પાકિસ્તાનના તણાવ વચ્ચે જમ્મુની ગવર્નમેન્ટ મેડિકલ કોલેજને કોઈ પણ ઈમરજન્સીના નિવારણ માટે તૈયાર રહેવા કહેવાયું છે. હોસ્પિટલના સ્ટોર કીપરને પણ તમામ જરુરી સપ્લાઈ, ઈમરજન્સી દવાઓ અને મહત્ત્વના સાધનો તરત ઉપયોગ કરવા માટે તૈયાર રાખવાના નિર્દેશ આપી દીધા છે. આ ઉપરાંત હોસ્પિટલના કર્મચારીઓને બિનજરુરી રજાઓ ન લેવાની સલાહ આપવામાં આવી છે. આ નિર્દેશો પર કોર્ડિનેશન માટે એક ૨૪-૭ કંટ્રોલ રુમ પણ બનાવ્યો છે. શુક્રવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર તુલસી ગબાર્ડે એક પોસ્ટમાં લખ્યું કે તે પહલગામમાં ૨૬ હિન્દુઓને ટાર્ગે બનાવીને કરેલા ભયંકર હુમલા બાદ ભારત સાથે મજબૂતીથી ઊભા છે. તેમણે શોક સંતપ્ત પરિવારો, પ્રધાનમંત્રી મોદી અને આખા ભારતના લોકો પ્રત્યે પોતાની ઊંડી સંવેદના વ્યક્ત કરી છે. તેમણે એવું પણ કહ્યું કે,તેઓ ભારત સાથે છે અને આ જઘન્ય હુમલા માટે જવાબદાર લોકોને પકડવામાં આપને ટેકો આપીશું. ભારત સરકારે સિંધુ જળ કરારને તત્કાળ પ્રભાવથી સ્થગિત કરી દીધો છે.

# પહેલગામ હુમલા બાદ સુરક્ષા દળો દ્વારા મોટી કાર્યવાહી

### સંવેદનશીલ જિલ્લાઓમાં સુરક્ષા વધારવા, શંકાસ્પદ પ્રવૃત્તિઓ પર નજર રાખવા MVCPs સ્થાપિત કરાઈ



। (એજન્સી) જમ્મુ, તા.૨૭ ।

પહેલગામ આતંકવાદી હુમલા બાદ જમ્મુ અને કાશ્મીર પોલીસે સેના, સીઆરપીએફ અને અન્ય સુરક્ષા દળો સાથે મળીને સંવેદનશીલ વિસ્તારોમાં મોટા પાયે શોધખોળ અને ઘેરાબંધી અભિયાન શરૂ કર્યું છે. સર્ચ ઓપરેશન દિવસ-રાત ખૂબ જ સતર્કતા સાથે ચલાવવામાં આવી રહ્યું છે. આ કામગીરી હેઠળ અનંતનાગ જિલ્લામાં વિવિધ સ્થળોએ અનેક દરોડા પાડવામાં આવ્યા હતા. અત્યાર સુધીમાં લગભગ ૧૭૫ શંકાસ્પદોની અટકાયત કરવામાં આવી છે અને આતંકવાદી પ્રવૃત્તિઓને સહાયતા આપતા નેટવર્કને તોડી પાડવા માટે તેમની પૂછપરછ કરવામાં આવી રહી છે. અનંતનાગ પોલીસે જણાવ્યું હતું કે અમે કોઈપણ સંભવિત આતંકવાદી ઉપસ્થિતિને સમાપ્ત કરવા અને જિલ્લાને સુરક્ષિત કરવા માટે અમારા સાજેદાર સુરક્ષા દળો સાથે મળીને કોર્ડન અને સર્ચ ઓપરેશન ચલાવી રહ્યા છીએ. અનંતનાગ પોલીસ જિલ્લામાં શાંતિ જાળવવા અને સામાન્ય પરિસ્થિતિમાં ખલેલ પહોંચાડવાના કોઈપણ પ્રયાસને નિષ્ફળ બનાવવા માટે પ્રતિબદ્ધ છે. સંવેદનશીલ જિલ્લાઓમાં સુરક્ષા વધારવા, શંકાસ્પદ પ્રવૃત્તિઓ પર નજર રાખવા અને જાહેર સલામતી સુનિશ્ચિત કરવા માટે વધારાની મોબાઈલ વાહન ચેક પોસ્ટ્સ (MVCPs) સ્થાપિત કરવામાં આવી છે. જાહેર સહયોગ માંગવામાં આવ્યો છે અને નાગરિકોને કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિની જાણ નજીકના પોલીસ સ્ટેશનમાં કરવા સલાહ આપવામાં આવી છે. તમને જણાવી દઈએ કે ૨૨ એપ્રિલે પહેલગામના બૈસરન મેદાનમાં આતંકવાદીઓએ પ્રવાસીઓ પર ગોળીબાર કર્યો હતો, જેમાં ૨૬ લોકો માર્યા ગયા હતા. માર્યા ગયેલાઓમાં ૨૫ ભારતીયો અને ૧ નેપાળી નાગરિકનો સમાવેશ થાય છે અને ઘણા લોકો ઘાયલ થયા છે. આ હુમલા બાદ સુરક્ષા દળોએ પોતાની સતર્કતા વધારી દીધી છે. પોલીસે પેટ્રોલિંગ અને એંબુશ ઓપરેશન વધુ તીવ્ર બનાવી દીધા છે, ખાસ કરીને ગાઢ જંગલ વિસ્તારોમાં જ્યાં આતંકવાદીઓ છુપાઈ શકે છે.

### આતંકી હુમલા બાદ પર્યટકોએ દરિયાદિલી બતાવી

# અમે ડરવાના પણ નથી - કાશ્મીર છોડીને જવાના પણ નથી : લોકો



। (એજન્સી) જમ્મુ, તા.૨૭ ।

જમ્મુ કાશ્મીરના પહલગામમાં આતંકી હુમલા બાદ ઘાટીમાં ડરનો માહોલ ફેલાયેલો છે. હથિયારોથી લેસ આતંકીઓએ ૨૭ ભારતીય નાગરિકોને નામ પૂછી પૂછીને ગોળીઓ મારી દીધી. આતંકી હુમલાના વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ દેશભરના લોકો જમ્મુ કાશ્મીર જતાં ડરી રહ્યા છે. ટૂરિસ્ટોએ પોતાની ફલાઈટ પણ કેન્સર કરી દીધી છે. જમ્મુ કાશ્મીર ફરવાનો પ્લાન કેન્સલ કરી રહ્યા છે. જો કે, આ ઘટના બાદ પણ કેટલાક લોકોએ એવું નથી કર્યું. તેના બદલે, તેઓએ દુશ્મનોને પડકાર ફેંક્યો અને કહ્યું કે આતંકવાદી હુમલા પછી કાશ્મીર છોડવાનો અર્થ દુશ્મનોથી ડરવાનો છે. પરંતુ આપણે ડરીશું નહીં અને પીછેહઠ કરીશું નહીં. આપણે કાશ્મીરમાં રહીશું અને જતા પહેલા મજા કરીશું. જો તે આતંકવાદીઓ જવા માંગતા હોય તો તેમને જવા દો, આ આપણું ભારત છે અને આપણે ભારતીય છીએ. કોઈ આપણને તોડી શકશે નહીં. જે લોકો આપણને તોડવાનો પ્રયાસ કરે છે તેમને તૂટીને હારવું પડશે. પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા પછી લગભગ ૫૦૦૦ લોકો પાછા ફર્યા છે. કેટલાકે પોતાની ફલાઈટ બુકિંગ રદ કરી જ્યારે કેટલાકે ઘરે પાછા ફરવા માટે ફલાઈટ પકડી. આના કારણે જમ્મુ અને કાશ્મીરમાં પર્યટન બરબાદ થઈ ગયું.

### ટેસ્લા ચીનની ઓટો કંપની બીવાયડીની ગળાકાપ સ્પર્ધાનો સામનો કરી રહી છે

# ચીનને ટક્કર આપવા માટે યુએસ સેલ્ફ ડ્રાઇવિંગ કારના નિયમો હળવા બનાવશે



। (એજન્સી) ન્યૂયોર્ક, તા.૨૭ ।

અમેરિકામાં ટ્રમ્પ વહીવટીતંત્ર સેલ્ફ ડ્રાઈવિંગ કાર વિકસિત કરવા માટે ઈલોન મસ્કની ટેસ્લા જેવી કંપનીઓને હાલના નિયમોમાં છૂટછાટ આપશે. અમેરિકાની ઓટો કંપનીઓ ચીની કંપનીઓની સ્પર્ધાનો સામનો કરી શકે તે માટે આ હિલચાલ કરવામાં આવી છે. પરિવહન વિભાગે ગુરુવારે જણાવ્યું હતું કે સેલ્ફ ડ્રાઈવિંગ કાર વિકસાવતી યુએસ કંપનીઓને ટેસ્ટિંગ હેતુઓ માટે સુરક્ષા અંગેના કેટલાંક ફેડરલ નિયમોમાંથી મુક્તિ અપાશે. તે સેલ્ફ ડ્રાઈવિંગ સોફ્ટવેર સંબંધિત ક્રેશ રિપોર્ટિંગ નિયમોને સરળ બનાવશે તથા આ માટે રાષ્ટ્રીય નિયમો બનાવશે. હાલમાં વિવિધ રાજ્યોમાં અલગ અલગ નિયમો છે અને તેની અગાઉ મસ્કે ટીકા કરી હતી. પરિવહન પ્રધાન સીન ડફીએ જણાવ્યું હતું કે આપણે ઈનોવેશનમાં ચીન સાથે સ્પર્ધામાં છીએ અને આનાથી વધુ મોટી બાજી હોઈ શકે નહીં. આ નવું માળખું અમલદારશાહી ઘટાડશે અને એક રાષ્ટ્રીય ધોરણની નજીક લઈ જશે. ટેસ્લા જૂનમાં ટેક્સાસમાં સેલ્ફ ડ્રાઈવિંગ કાર રજૂ કરશે તેવી મસ્કની જાહેરાત પછી સરકારે આ નિર્ણય કર્યો છે. ટેસ્લા ચીનની ઓટો કંપની બીવાયડીની ગળાકાપ સ્પર્ધાનો સામનો કરી રહી છે. નિયમો હળવા બનાવયા પછી જો અમેરિકાની ઓટો કંપનીઓએ રિસર્ચ, ડેમોન્ટ્રેશન અને નોન કોમર્શિયલ હેતુ માટે ઉપયોગ થતી સેલ્ફ ડ્રાઈવિંગ કારના સંદર્ભમાં સુરક્ષાના નિયમોનું પાલન કરવું પડશે નહીં.

# કાકા અને ભત્રીજાએ ડબલની લાલચમાં ૧૪ લાખ ગુમાવી દીધા

### છેતરપિંડી આચરાઈ હોવાનું જણાતાં તેમણે આ મામલે રાજકોટના બે સહિત કુલ ત્રણ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી



। (એજન્સી) વિજાપુર, તા.૨૭ ।

વિજાપુર તાલુકાના દેવપુરા અને મણિપુરાના કાકા-ભત્રીજાને એકના ડબલ કરી આપવાની લાલચમાં ૧૪ લાખ ગુમાવ્યા હતા. પોતાની સાથે છેતરપિંડી આચરાઈ હોવાનું જણાતાં તેમણે આ મામલે રાજકોટના બે સહિત કુલ ત્રણ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. દરમિયાન ગુરુવારે ત્રણ પૈકી એક આરોપી એક ઠગ સ્મશાને આવતાં તેને ઝડપી લઈ પોલીસને સોંપાયો હતો. વિજાપુર તાલુકાના નવા દેવપુરા પટેલ વાસમાં રહેતા ભરતભાઈ બળદેવભાઈ પટેલ વર્ષ ૨૦૨૧માં ગૌતમભાઈ પંચાલ (રહે. વાવડી, તા. ગાંભોઈ) પાસે ગાયો લેવા ગયા હતા. એ સમયે ગૌતમભાઈએ કહ્યું હતું કે હું પૈસાનો વરસાદ કરવાનું કામ કરું છું. તેમ કહીને તેમણે બસો અને સોની નોટોનો વરસાદ કરી બતાવ્યો હતો અને સાત હજાર રૂપિયા આપ્યા હતા. અમણે કહ્યું કે,મારા ગુરુ આવવાના છે તે વધારે પૈસાનો વરસાદ કરી આપશે. આથી ભરતભાઈ તૈયાર થઈ ગયા હતા. તેમના ગુરુ કમલેશ ઉર્ફે મહાકાલ મનુભાઈ જોષી સાથે મુલાકાત કરાવી હતી. તેઓ સ્મશાનમાં વિધિ કરી બાબરા ભૂતને પ્રસન્ન કરે છે અને પૈસાનો વરસાદ કરાવે છે તેમ જણાવ્યું હતું. પૈસાનો વરસાદ કરાવવા ધૂપ લાવવા પાંચ લાખ રૂપિયા થાય તેમ કહેતાં પાંચ લાખ રૂપિયા રોકડા આપ્યા હતા. ત્યારબાદ ભરતભાઈએ તેમના ભત્રીજા પીયૂષભાઈ રાજુભાઈ પટેલ (રહે. મણિપુરા)ને આ વાત કરતાં તેમણે પણ કમલેશ જોષીને બે લાખ આંગડિયા દ્વારા મોકલાવ્યા હતા. પંદરેક દિવસ પછી ભરતભાઈ અને પિયુષભાઈ બંનેને દેવપુરા સ્મશાનમા મળ્યાં.



નવી દિલ્હીમાં બીજી એશિયન યોગાસન સ્પોર્ટ ચેમ્પિયનશિપ દરમિયાન યોગાસનો કરતા સહભાગીઓ જોવા મળ્યા.

### ગંભીર આડઅસર થતાં સરકારે લગાવ્યો પ્રતિબંધ

# ચાર વર્ષથી નાના બાળકોને આ કફ સિરપ આપતા ચેતજો



। (એજન્સી) નવી દિલ્હી, તા. ૨૭ ।

ભારત સરકારે તાજેતરમાં જ એક મોટો નિર્ણય લેતા ચાર વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે અમુક કફ સિરપના ઉપયોગ પર રોક લગાવી દીધી છે. સરકારે દવા નિર્માતાઓને નિર્દેશ આપ્યો છે એક તે આ સિરપનું પેકિંગ, લેબલ પર સ્પષ્ટ રૂપે ચેતવણી લખે કે આ દવા ચાર વર્ષથી નાના બાળકોને ન આપવામાં આવે. બાળકોની સલામતી માટે આ દવાઓનો ઉપયોગ ન કરવાની સૂચના આપી દેવામાં આવી છે. આ નિર્ણય ૧૫ એપ્રિલે જારી અધિસૂચના હેઠળ લેવામાં આવ્યો છે. સરકારે ખાસ કરીને ક્લોરફેનિરામાઇન મેલીએટ અને ફેનીલેફ્રાઈન હાઈડ્રોક્લોરાઈડના મિશ્રણવાળી તમામ દવાઓના વેચાણ, નિર્માણ અને વિતરણને બેન કર્યું છે.આ કફ સિરપ ફિક્સ ડોઝ કોમ્બિનેશનથી બનાવવામાં આવતી હોવાથી તેને એફડીસી મેડિસિન તરીકે પણ ઓળખાવવામાં આવે છે. બાળકોની દવાઓના નિષ્ણાતોની સમિતીએ કરેલી ભલામણ પછી આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ દવાઓની બાળકોના આરોગ્ય પર ગંભીર આડઅસર થતી હોવાથી વિશ્વ આરોગ્ય સંસ્થાએ પણ તેનો ઉપયોગ અટકાવવા અગાઉ સૂચના આપી હતી.

## તંત્રી લેખ...

# રીલ્સમાંથી મળતું ડોપામાઈન ઘાતક બને તે પહેલાં ચેતો

આજના ડિજિટલ યુગમાં સોશિયલ મીડિયા માત્ર મનોરંજનનું સાધન નથી, પરંતુ તે ઘણા લોકોના જીવનનો અભિન્ન ભાગ બની ગયું છે. ખાસ કરીને ટૂંકી વિડિયો ક્લિપ્સ જેવી કે રિલ્સની લોકપ્રિયતા ઝડપથી વધી છે. ઈન્સ્ટાગ્રામ, યુટયૂબ શોર્ટ્સ, અને ટિકટોક જેવા પ્લેટફોર્મ્સ પર ઉપલબ્ધ આ રિલ્સ લોકોને ઝડપી મનોરંજન, હાસ્ય, અને જાણકારી આપે છે. પરંતુ, જ્યારે આ રિલ્સ જોવાની આદત વધુ પડતી બને છે, ત્યારે તે એક વ્યસનનું રૂપ લઈ શકે છે, જેની અસર આપણા માનસિક, શારીરિક, અને સામાજિક જીવન પર પડે છે. રિલ્સની ડિઝાઈન જ એવી છે કે તે મગજને તાત્કાલિક સંતોષ આપે છે. ૧૫ સેકન્ડથી લઈને ૧ મિનિટની આ ટૂંકી ક્લિપ્સ ડોપામાઈનનું સ્તર વધારે છે, જે આપણને આનંદની લાગણી આપે છે. આ ડોપામાઈનનું ચક્ર એટલું ઝડપી હોય છે કે એક રિલ પૂરી થતાં જ બીજી જોવાની ઈચ્છા થાય છે. આ પ્રક્રિયા ધીમે ધીમે આદતમાં ફેરવાય છે અને પછી વ્યસન બની જાય છે. ખાસ કરીને યુવાનો, જેઓ સતત નવું અને રોમાંચક કન્ટેન્ટ શોધતા હોય છે, તેઓ આના શિકાર બની શકે છે. જ્યારે રીલ્સ જોવાનું બંધ થાય છે, ત્યારે ડોપામાઈનનું સ્તર ઝડપથી ઘટે છે, જેનાથી ચિંતા, અધીરાઈ અને ખાલીપણાની લાગણી થઈ શકે છે. આ લાંબા ગાળે માનસિક સ્વાસ્થ્ય પર નકારાત્મક અસર કરે છે, જેમ કે હતાશા કે તણાવમાં વધારો. ખાસ કરીને કિશોરઅવસ્થામાં કે યુવાનોમાં આ પ્રક્રિયા વધુ જોખમી બની શકે છે, કારણ કે તેમનું મગજ હજુ વિકાસશીલ હોય છે અને આવી આદતો ઊંડી અસર કરી શકે છે. આમ, ડોપામાઈનનો ક્ષણિક આવેગ આનંદ આપે છે, પરંતુ તેનું વધુ પડતું સેવન માનસિક સંતુલન બગાડી શકે છે.

## રોજગાર મેળા હેઠળ ૫૧,૦૦૦થી વધુ નિમણૂક પત્રોના વિતરણ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સંબોધનનો મૂળપાઠ

આજે કેન્દ્ર સરકારના વિવિધ વિભાગોમાં ૫૧૦૦૦થી વધુ યુવાનોને કાયમી સરકારી નોકરીના પત્રો આપવામાં આવ્યા છે. આજે ભારત સરકારના વિવિધ વિભાગોમાં આપ યુવાનો માટે નવી જવાબદારીઓ શરૂ થઈ છે. તમારી જવાબદારી દેશની આર્થિક વ્યવસ્થાને મજબૂત બનાવવાની છે, તમારી જવાબદારી દેશની આંતરિક સુરક્ષાને મજબૂત બનાવવાની છે, તમારી જવાબદારી દેશમાં આધુનિક માળખાગત સુવિધાઓ બનાવવાની છે, તમારી જવાબદારી કામદારોના જીવનમાં મૂળભૂત પરિવર્તન લાવવાની છે. તમે જેટલી પ્રામાણિકતાથી તમારા કાર્યો પૂર્ણ કરશો, તેટલી જ ભારતની વિકસિત ભારત તરફની યાત્રામાં સકારાત્મક અસર જોવા મળશે. મને વિશ્વાસ છે કે તમે તમારી ફરજો ખૂબ જ નિષ્ઠાપૂર્વક નિભાવશો. કોઈપણ રાષ્ટ્રની પ્રગતિ અને સફળતાનો પાયો તે રાષ્ટ્રના યુવાનો હોય છે. જ્યારે યુવાનો રાષ્ટ્ર નિર્માણમાં ભાગ લે છે, ત્યારે રાષ્ટ્ર ઝડપથી વિકાસ પામે છે અને વિશ્વમાં પણ પોતાની છાપ છોડે છે. આજે, ભારતના યુવાનો પોતાની મહેનત અને નવીનતા દ્વારા દુનિયાને બતાવી રહ્યા છે કે આપણી પાસે કેટલી ક્ષમતા છે. અમારી સરકાર દરેક પગલા પર ખાતરી કરી રહી છે કે દેશના યુવાનો માટે રોજગાર અને સ્વરોજગારની તકો વધે. સ્કીલ ઈન્ડિયા, સ્ટાર્ટઅપ ઈન્ડિયા, ડિજિટલ ઈન્ડિયા જેવા ઘણા અભિયાનો આ દિશામાં યુવાનો માટે નવી તકો ઊભી કરી રહ્યા છે. આ ઝુંબેશો દ્વારા અમે ભારતના યુવાનોને તેમની પ્રતિભા દર્શાવવા માટે એક ખુલ્લું પ્લેટફોર્મ આપી રહ્યા છીએ. આનું પરિણામ એ છે કે આ દાયકામાં આપણા યુવાનોએ ટેકનોલોજી, ડેટા અને નવીનતાના ક્ષેત્રમાં ભારતને વિશ્વમાં ઘણું આગળ લઈ ગયા છે. આજે UPI, ONDC, અને GeM જેવા ડિજિટલ પ્લેટફોર્મની સફળતા દર્શાવે છે કે આપણા યુવાનો ડિજિટલ અર્થતંત્રમાં પરિવર્તનનું નેતૃત્વ કેવી રીતે કરી રહ્યા છે. આજે, ભારતમાં સૌથી વધુ સંખ્યામાં રીઅલ ટાઈમ ડિજિટલ વ્યવહારો થઈ રહ્યા છે અને આનો મોટો શ્રેય આપણા યુવાનોને જાય છે. આ બજેટમાં સરકારે ઉત્પાદન મિશનની જાહેરાત કરી છે. તેનો ઉદ્દેશ્ય મેક ઈન ઈન્ડિયાને પ્રોત્સાહન આપવાનો અને ભારતના યુવાનોને વૈશ્વિક ધોરણોના ઉત્પાદનો બનાવવાની તક આપવાનો છે. આનાથી આપણા નાના ઉદ્યોગસાહસિકો, લાખો MSME ને પ્રોત્સાહન મળશે જ, પરંતુ દેશભરમાં રોજગારની નવી તકો પણ ખુલશે. આજનો સમય ભારતના યુવાનો માટે અભૂતપૂર્વ તકોનો સમય છે. તાજેતરમાં IMF એ કહ્યું છે કે ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા રહેશે. આ આત્મવિશ્વાસ, આ વૃદ્ધિના ઘણા પાસાં છે. અને સૌથી મોટું પાસું એ છે કે આવનારા દિવસોમાં દરેક ક્ષેત્રમાં નોકરીઓમાં વધારો થશે, રોજગાર વધશે. તાજેતરના સમયમાં, ઓટોમોબાઈલ અને ફૂટવેર ઉદ્યોગોમાં, આપણા ઉત્પાદન અને નિકાસે નવા રેકોર્ડ બનાવ્યા છે. આ એવા ક્ષેત્રો છે જે મોટી સંખ્યામાં યુવાનોને રોજગારી પૂરી પાડી રહ્યા છે. પહેલી વાર, ખાદી અને ગ્રામોદ્યોગ અને તેમના ઉત્પાદનોએ ૧ લાખ ૭૦ હજાર કરોડ રૂપિયાના ટર્નઓવરને પાર કર્યું છે. લગભગ રૂ. ૧.૭૫ લાખ કરોડ. આનાથી લાખો નવી નોકરીઓનું સર્જન થયું છે, ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં. થોડા દિવસો પહેલા જ, ઈનલેન્ડ વોટર ટ્રાન્સપોર્ટમાં દેશની બીજી એક સિદ્ધિ પ્રકાશમાં આવી છે. ૨૦૧૪ પહેલા, આપણા દેશમાં એક વર્ષમાં ઈનલેન્ડ વોટર ટ્રાન્સપોર્ટ દ્વારા લગભગ ૧૮ મિલિયન ટન કાર્ગો હેરફેર થતી હતી, જે ફક્ત ૧૮ મિલિયન ટન હતી. જ્યારે આ વર્ષે ઈનલેન્ડ વોટર ટ્રાન્સપોર્ટ દ્વારા કાર્ગો હેરફેર ૧૮ થી વધીને ૧૪૫ મિલિયન ટનથી વધુ થઈ ગઈ છે. ભારતે આ સફળતા એટલા માટે મેળવી છે કારણ કે તેણે આ દિશામાં સતત નીતિઓ બનાવી છે અને નિર્ણયો લીધા છે. પહેલા દેશમાં રાષ્ટ્રીય જળમાર્ગોની સંખ્યા માત્ર ૫ હતી. હવે ભારતમાં રાષ્ટ્રીય જળમાર્ગોની સંખ્યા ૫થી વધીને ૧૧૦થી વધુ થઈ ગઈ છે. પહેલા આ જળમાર્ગોની કાર્યકારી લંબાઈ લગભગ ૨૭૦૦ કિલોમીટર હતી. એટલે કે, લગભગ અઢી હજાર કિલોમીટરથી થોડું વધારે. હવે આ પણ વધીને લગભગ ૫ હજાર કિલોમીટર થઈ ગયું છે. આવી બધી સિદ્ધિઓને કારણે, દેશમાં યુવાનો માટે નવી તકોનું સર્જન થઈ રહ્યું છે. થોડા દિવસોમાં, મુંબઈમાં વર્લ્ડ ઓડિયો વિઝ્યુઅલ અને એન્ટરટેઈનમેન્ટ સમિટ એટલે કે વેવ્સ ૨૦૨૫નું આયોજન થવા જઈ રહ્યું છે. દેશના યુવાનો પણ આ કાર્યક્રમના કેન્દ્રમાં છે. પહેલી વાર, દેશના યુવા સર્જકોને આ પ્રકારનું પ્લેટફોર્મ મળી રહ્યું છે.

**આજે સોમવાર એટલે ચરિત્રની ઓળખ! આપણાં વૈદિક ગ્રંથોમાં સ્ત્રી અને પુરુષ એવો કોઈ ભેદભાવ જોવા મળતો નથી**

# મહર્ષિ ભારદ્વાજ મહાન વૈજ્ઞાનિક અને આધુનિક ભાષામાં કહીએ તો ટેક્નોક્રેટ હતા



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**મહાભારતની કથા અનુસાર દ્રોણાચાર્ય તેમના પુત્ર હતા, અને ઈન્દ્રની પત્ની શચી પણ તેમની પુત્રી બતાવી છે, પ્રાચીન બૌદ્ધ ગ્રંથો દીઘા નિકાય અને તેવીજા સુત્તમાં પણ ગૌતમ બુદ્ધ સાથે જે દસ મહાન વૈદિક ઋષિઓએ સંવાદ કર્યો હતો, તેમાં ભરદ્વાજનું નામ છે, ભગવાન બુદ્ધ જેમને આર્ય સંસ્કૃતિના નિર્માતા તરીકે સન્માને છે, તેમાં મહર્ષિ ભરદ્વાજનો સમાવેશ થાય છે, વનવાસ દરમિયાન ભગવાન રામ, સીતાજી અને લક્ષ્મણ પણ મહર્ષિ ભરદ્વાજના દર્શને પધાર્યાં હતાં.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આજે સોમવાર એટલે ચરિત્રની ઓળખ! આપણાં વૈદિક ગ્રંથોમાં સ્ત્રી અને પુરુષ એવો કોઈ ભેદભાવ જોવા મળતો નથી, એટલે જ કદાચ આપણી સંસ્કૃતિ જ સ્ત્રીને દેવી તરીકે પૂજનીય છે એમ કહે છે, અને માતૃદેવો ભવઃ ના પાયાના સૂત્રને અનુસરે છે, જોકે સ્ત્રી ચરિત્ર યુગોથી મહાન હોય છે એ આપણે ગાર્ગી અને મૈત્રેયીના ચિંતનમાં જોયું. પુરાણોમા આપણે જોઈએ તો દેવ કરતાંય ઋષિનું ચરિત્ર વધુ પ્રભાવિત કરનાર છે, પણ ઋષિમુનિઓનાં જીવનમાં બીજી એક વાત એ રહી કે, ધન સંપત્તિથી તેઓ મુક્ત રહી શક્યાં, પણ અપ્સરાને દેખી મોહિત થયાનાં ઘણા ઋષિનાં દાખલા છે. આજે પણ એ જ થઈ રહ્યું છે, કોઈ દ્રઢ સંકલ્પ કરીને ભક્તિ તરફ પ્રયાણ કરીએ ત્યાં, કામના, ઈચ્છા, ઝંખના, એષણા, આશા, અભિપ્સા, લાલસા, આવી કેટલીયે અપ્સરાઓ આપણા જીવનમાં પ્રવેશે અને હરિરસ પ્રીતિ ઓછી કરી રહી છે. માત્ર દેહ આસક્તિ એ જ કામનું સ્વરૂપ નથી, એ બહુ ઊંડે સુધી જીવનમાં અસર કરતા છે, તેનાં મૂળિયા બહુ પ્રસરેલા હોય છે. વેદકાલીન ઋષિઓમાં ભારદ્વાજ ઋષિને આધુનિક વિજ્ઞાનના ટેકનોક્રેટ કહેવામાં આવે છે, તો આજે આપણે એના વિશે ચિંતનમાં વાત કરીશું. આપણાં વેદ એટલે જ્ઞાન વિજ્ઞાનનુ ખૂબ મોટુ અને ઉંચુ અનંત આકાશ, અને આ વેદના અનંત આકાશમાં ઝળહળતું એક નામ એટલે મહર્ષિ ભરદ્વાજ, ઋગ્વેદના છઠ્ઠા મંડળના દૃષ્ટા મહર્ષિ ભરદ્વાજ છે, જેમાં ૭૬૫ જેટલા મંત્રો છે. અથર્વવેદમાં પણ તેમના ૨૩ મંત્રો મળે છે. તેઓ અનેક વેદમંત્રોના દૃષ્ટા તો છે જ, પણ ઉપરાંત પ્રાચીન ભારતના મહાન વૈજ્ઞાનિક અને આધુનિક ભાષામાં કહીએ તો તેઓ ટેક્નોક્રેટ હતા. આના પરથી જ કહી શકાય કે વેદ અને ઋષિ બે જુદા ન પાડી શકાય એવા બે શબ્દોનું જોડકું છે. વેદ પરંપરામાં અનેક ઋષિઓ થયા. જેમાંના મહાન સાત ઋષિઓને સપ્તર્ષિ કહે છે,અને આ સપ્ત ઋષિમાં ભારદ્વાજ ઋષિનુ નામ છે,અને તેમના મોઢેથી શાસ્ત્ર રુપે



નીકળેલી વાણીને વેદવાણી કહેવામાં આવે છે, એટલાં વેદ શાસ્ત્ર એમણે લખ્યાં છે. દેવ ગુરુ બૃહસ્પતિ અને મમતાની વાત્સલ્યકુંજમાં ભરદ્વાજનું પ્રાગટ્ય થયું. મહર્ષિ ભરદ્વાજનાં પત્નીનું નામ સુશીલા હતું. ભરદ્વાજના પુત્રો અને શિષ્યો પૈકી દસ ઋગ્વેદના મંત્રદૃષ્ટા ઋષિઓ હતા. વેદ પરંપરામાં તેમના પુત્રોનાં નામો આ પ્રકારે મળે છે; ઋજિષ્વા, ગર્ગ, નર, પાયુ, વસુ, શાસ, શિરામ્બિષ્ઠ, શુનહોત્ર, સપ્રથ, અને સુહોત્ર. વળી તેમનાં પુત્રી 'રાત્રિ' પણ વેદદૃષ્ટા ઋષિકા હતાં. જેમનું રાત્રિસૂક્ત ખૂબ જાણીતું છે. આ ઉપરાંત, ઋગ્વેદની સર્વાનુ ક્રમણીમાં તેમનાં પુત્રી 'કશિપા'નો પણ ઉલ્લેખ છે. આમ મહર્ષિ ભરદ્વાજના બાર જેટલાં સંતાનો વેદના ઋષિ તરીકે માનવંતું સ્થાન ધરાવે છે. મહાભારતની કથા અનુસાર દ્રોણાચાર્ય તેમના પુત્ર હતા, અને ઈન્દ્રની પત્ની શચી પણ તેમની પુત્રી બતાવી છે. પ્રાચીન બૌદ્ધ ગ્રંથો દીઘા નિકાય અને તેવીજા સુત્તમાં પણ ગૌતમ બુદ્ધ સાથે જે દસ મહાન વૈદિક ઋષિઓએ સંવાદ કર્યો હતો, તેમાં ભરદ્વાજનું નામ છે. ભગવાન બુદ્ધ જેમને આર્ય સંસ્કૃતિના નિર્માતા તરીકે સન્માને છે, તેમાં મહર્ષિ ભરદ્વાજનો સમાવેશ થાય છે. વનવાસ દરમિયાન ભગવાન રામ, સીતાજી અને લક્ષ્મણ પણ મહર્ષિ ભરદ્વાજના દર્શને પધાર્યાં હતાં. મહર્ષિએ તેમને વનાંચલના જીવનને લગતી ઘણી ઉપયોગી ટિપ્સ પણ આપી હતી.આજે પણ ભારતની અનેક જાતિઓ ભરદ્વાજના ગોત્રજ તરીકે ગૌરવ અનુભવે છે. આ ઉપરાંત તેમને નામે આજના માનવીને ઉપયોગી કહી શકાય એવા દરેક શાસ્ત્રનું જ્ઞાન હતું, એટલે તેના વિશેના શાસ્ત્ર તેમણે લખી અને આપણને બહુ મોટી ભેટ આપી એમ કહી શકાય. વેદના જણાવ્યાં અનુસાર વ્યાકરણ ની શોધ અને વ્યાકરણ શાસ્ત્ર લખનાર ભારદ્વાજ મુનિ છે. તેમણે ઈન્દ્રની ઉપાસના કરી અને વ્યાકરણ શાસ્ત્ર શીખ્યા, અને ત્યારબાદ તેમણે આ ગ્રંથની રચના કરી. શરીરવિજ્ઞાનના પ્રખર ઋષિ ચરક પોતાના શાસ્ત્રમાં નોંધે છે કે, આયુર્વેદનું જ્ઞાન પણ ઈન્દ્ર પાસેથી પ્રાપ્ત કરીને પ્રથમ આર્યુવેદ સંહિતા ભારદ્વાજ મુનિ એ લખી હતી. ભૃગુઋષિ પાસેથી ધર્મ નું જ્ઞાન લઈ અને તેમણે ધર્મશાસ્ત્રની રચના કરી હતી, આ ઉપરાંત ભક્તિ યોગના પાંચરાત્ર સંપ્રદાયની ભરદ્વાજ સંહિતાના મેં એક શાસ્ત્ર લખ્યું છે. આ ઉપરથી તે ભક્તિ વિશે પણ ઘણું જાણનારા હતાં, એમ સાબિત થાય છે. મહાભારતના શાંતિપર્વમાં તેમણે ધનુર્વિદ્યા અને રાજ્યશાસ્ત્ર વિશે પણ શાસ્ત્રો લખ્યા છે, એવી વાત નોંધાઈ છે. સૌથી વધુ ઉત્તમ તો તેમણે યંત્ર સર્વસ્વ નામનો એક ગ્રંથ લખ્યો, અને બ્રહ્મ મુનિએ તેના એક ભાગ રૂપે વિમાન શાસ્ત્ર પ્રચલિત કર્યો. જેમાં ઋષિ ભારદ્વાજ આકાશમાં વિમાન ને કેટલી ઉંચાઈએ ઉડાડવું, વિમાન બનાવવા કઈ ધાતુનો પ્રયોગ કરવો?, કેવા વાતાવરણમાં ઉડાડવું?, નીચે ઉડાડવું હોય તો કઈ રીતે વિમાનની રચના કેવી કરવી?, આ બધા વિશે સ્પષ્ટ જ્ઞાન આપે છે, અને પર્યાવરણ અનુકૂળ હોય ત્યારે જ વિમાન ઉંચે આકાશ સુધી લઈ જવું, એવી સ્પષ્ટ સૂચના પણ આપે છે. તો આપણા વેદકાલીન ઋષિ એ આધુનિક વિજ્ઞાનની શોધ આટલા વર્ષો પહેલાં કરી હતી. આજે ભારદ્વાજ ઋષિને માસ્ટર ઓફ ઓલ કહેવામાં આવે છે, કારણ કે તેમણે આધુનિક તમામ વિષય એટલે કે શિક્ષણ શાસ્ત્ર, શરીર વિજ્ઞાન, ધર્મશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, વિદ્યા શાસ્ત્ર, અને આધુનિક ટેકનોલોજી ના શાસ્ત્રની રચના કરી હતી. મહર્ષિ ભારદ્વાજ ઋષિનું આયુષ્ય વેદ શાસ્ત્રમાં ખૂબ લાંબુ બતાવાયું છે, ઈન્દ્રનાં વરદાનથી જીવતા ગયા, અને જુદા જુદા શાસ્ત્રોની રચના કરતા ગયાં, અને તેમને એમ થયું કે હજી તો ઘણું બાકી છે, એટલે ફરી ઉપાસના કરી, ફરી સો વર્ષનું આયુષ્ય મેળવ્યું. આમ ત્રણસો વર્ષ પુરા થયાં, આ વખતે ઈન્દ્રએ તેમના હાથમાં એક મુઠ્ઠી રેતી આપીને કહ્યુ કે, મહર્ષિ સામે જે ત્રણ પર્વત દેખાય છે, એ વેદ છે અને તમારા હાથમાં આ રેતી છે, એટલું જ જ્ઞાન હજી તમે પ્રાપ્ત કર્યું છે. એટલે વર્ષો નીકળી જશે, પણ વેદ તમારા હાથમાં આવશે નહીં. પરંતુ તે છતાં તેમને વેદ જાણવાની ઈચ્છા વ્યક્ત કરી, અને ઈન્દ્ર એ પ્રસન્ન થઈ તેમને સો વર્ષનું આયુષ્ય આપ્યું. આમ નેતિ નેતિ કહેનારા આપણા આ વેદનું પુરું જ્ઞાન તો મહર્ષિ ભારદ્વાજ પણ પામી શક્યા કે નહીં! એ આપણે જાણતાં નથી, પણ અમરત્વ પામી ગયા. ભારદ્વાજ ઋષિનાં જીવન પરથી પ્રેરણા લઈ એ તો, એક વાત તો અહીં બહુ સ્પષ્ટ છે કે, જે જ્ઞાન ગહન છે,અને તે ગૂંચવાડો ઊભો કરે છે. એટલે વેદ ઉપનિષદ કે ધર્મશાસ્ત્રના સારરૂપે હરિ નામ સ્મરણ અને હરિનામ સંકીર્તન કરતાં કરતાં એ પ્યાસ વધારીએ. કારણકે ઉલજન તો આપણા જીવનમાં અત્યારે પણ ઘણી છે, તો જ્ઞાનને નામે વળી ઉલજન વધારવી, એના કરતાં સીધુ સાદુ હરિ નામ સ્મરણ, અને સંકીર્તન એ જ અંતે તો ભવસાગર પાર કરાવનાર છે. સમયચક્રની ગતિ બહુ તેજ છે, આટલા વર્ષો વીતી ગયાં, અને ક્યારે આપણી અંતિમ ઘડી લખાય છે, તે આપણે જાણતા નથી. ત્યારે હવે સમય બગાડ્યા વગર, હરિ ચરણોમાં નિત્ય સ્થાન માટે, હરિનામ એ જ અંતિમ અને શ્રેષ્ઠ ઉપાય છે, એ જ્ઞાન લાધ્યાં પછી સમય વેડફવો પોષાય તેમ નથી. આપણે સૌ અમૃતબિંદુ સમાન હરિનામ સ્મરણ અને સંકિર્તન કરતા રહીને, સર્વત્ર એની જ લીલા વિસતારી રહી છે, એનું એવું ઉત્તમ દર્શન કરતાં રહીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન-મનન સાથે તો સૌને મારા આજના દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

**કુદરતી આફત થી છુટકારો મેળવવા આપણે પ્રાર્થના ઇશ્વર અલ્લાહ પરવર દિગાર પરમાત્મને કરીએ છીએ**

# કેસૂડાનાં કપડાં પહેરી મીઠી ઠંડક આપવા આવ્યો વૈશાખી વાયરો



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**સામાન્ય જીવનમાં કર્મો મનુષ્યને બંધનરૂપ એટલા માટે થાય છે કે મનુષ્યો પોતાનાં કર્મોમાં એટલા બધા આસક્ત હોય છે કે અનાસ ક્ત ભાવે કર્મ થઈ શકેએ ખ્યાલ જ તેમને હોતો નથી, મોટેભાગે લોકો એવું માનતા હોય છે કે આસક્તિ ન હોય તો આનંદ કેવી રીતે મળે ? કર્મના સુંદર ફળો ન મળે તો શા માટે મનુષ્ય કામ કરે ?**

વૈશાખી વાયરા શરૂ થઈ જશે ત્યારે આજે એકમને સોમવારે આપણે જોઈએ તો જીવનમાં જેટલો ધર્મ હશે તેટલો જ વ્યક્તિ માનવતાની નજીકહશે ધર્મ માનવતાની પાઠશાળાનું નામ છે. ધર્મ જ જીવનમાં સત્ય, પ્રેમ, કરુણા, ઉદારતા, આત્મીયતા, સરળતા, સહનશીલતા અને નમ્રતા જેવા દૈવી ગુણો દર્શાવે છે. તેથી જ શાસ્ત્રો ઉપદેશ આપે છે કે ધર્મ વિનાનું જીવન માનવીય મૂલ્યોથી વંચિત પ્રાણી જેવું છે. સામાન્ય જીવનમાં કર્મો મનુષ્યને બંધનરૂપ એટલા માટે થાય છે કે મનુષ્યો પોતાનાં કર્મોમાં એટલા બધા આસક્ત હોય છે કે અનાસ ક્ત ભાવે કર્મ થઈ શકેએ ખ્યાલ જ તેમને હોતો નથી. મોટેભાગે લોકો એવું માનતા હોય છે કે આસક્તિ ન હોય તો આનંદ કેવી રીતે મળે ? કર્મના સુંદર ફળો ન મળે તો શા માટે મનુષ્ય કામ કરે ? આ વત પણ સાચી છે. સામાન્ય ભૂમિકામાં તો કર્મની આસક્તિ જ કર્મમાં મનુષ્યોને પ્રેરે છે કેમકે અનાસક્ત ભાવે કર્મો કરવાની સ્થિતિ પ્રાપ્ત કરવા માટે તો સામાન્ય ભૂમિકાથી ઉપર જવું જોઈએ. રાજા જનક સમગ્ર મિથિલા રાજ્યમાં એક જ હતા કે જેઓ સમગ્ર રાજ્ય ચલાવતા હતા, સંસાર ચલાવતા હતા અને છતાં બધાથી નિર્લેપ હતા. આટલું વિશાળ રાજ્ય ચલાવવા છતાં તેમનું મન આમાં કયાંય ચોટેલું ન હતું. તેથી તેઓ સર્વ કાર્યોનો મહત્તમ આનંદ લઈ શકતા હતા. કાર્યોનો સાચો આનંદ અનાસક્ત ભાવે કર્મો કરવામાં જ રહેલો છે, એ સામાન્ય ભૂમિકામાં સમજાતું નથી.પણ પ્રયત્ન કરતાંઅનાસક્ત ભાવે કર્મ કરવાની સ્થિતિ જરૂર પ્રાપ્ત થઈ શકે છે.એ માટે શરૂઆતમાં કોઈપણ કાર્ય શરૂ કરતાં પહેલાં ભગવાનને પ્રાર્થના કરવી જોઈએ કે 'હે ભગવાન આ કાર્ય તમને અર્પણ કરવા કરું છું. આ કાર્યમાં તમે સહાય કરો'' કર્મ પૂરું થયા પછી પણ



ભગવાનને અર્પણ કરીને તેમના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવી.આ રીતે કરતાંએ કાર્ય પૂરતો તો વ્યક્તિને આનંદ મળે છે તેનો ઉત્સાહ વધે છે.આ રીતે ભગવાનની શક્તિની અનુભૂતિ થતાં તેના માટે કાર્ય એ ભગવાન સાથેનો સંપર્ક કરાવનાર માધ્યમ બની રહે છે.આ રીતે કામ કરતાં કરતાં કામમાં એટલો બધો આનંદ મળવા લાગે છેકે આસક્તિનો આનંદ એની પાસે સાવ તુચ્છ બની જાય છે. પછી અસલ આનંદ ની પ્રાપ્તિ થતાં ક્ષણિકને ક્ષુલ્લક આનંદની ઈચ્છા રહેતી જ નથી. આ રીતે મનના વલણને બદલીને ભગવાન માટે જો કાર્યો કરવામાં આવે તો કાર્ય એ જ પૂજા બની જાય છે.શ્રી માતાજી એ કહ્યું છે કે ''કાર્ય કરવું એટલે શરીરથી પ્રભુને પ્રાર્થના કરવી.'' સામાન્ય પ્રાર્થનામાં તો એકલું મન જ જોડાય છે.શરીર તો સ્થિર પણે બેઠેલું હોય છે. પણ જ્યારે વ્યક્તિ પ્રભુને માટે કામ કરે છે, ત્યારે તેના મનમાં તો સતત એ જ ભાવ હોય છે કે'' ''હું પ્રભુને માટે કામ કરું છું' મનમાં પ્રભુનું સ્મરણ છે અને શરીર કામ કરે છે એટલે શરીર પણ પ્રભુની પ્રાર્થનામાં જોડાય છે.આ રીતે કામ કરવાથી વ્યક્તિની સમગ્ર ચેતના મનોમય અને શારીરિક, પ્રભુને પ્રાર્થના કરે છે.એટલે માત્ર પ્રાર્થના થી વ્યક્તિની ચેતનાનું જે ઊર્ધ્વ ગમન થાય તેના કરતાં આ રીતે કાર્ય કરવાથી અનેકગણું વધારે ઊર્ધ્વગમનથાયછે. વળીપ્રભુનેઅર્પણરૂપ કાર્ય થવાથી વિશ્વમાં દિવ્યતાનો વિસ્તાર વધે છે.એટલા પ્રમાણમાં અદિવ્ય પરિ બળો દૂર થતાં વૈશ્વિક જગતમાં આપણું સાવ નાનું એવું કાર્ય પણ ઘણું મોટું પ્રદાન કરનારું બની રહે છે. એ દ્વારા આપણી ચેતનાનું વૈશ્વિક ચેતના સાથે અનુસંધાન થઈ જતાં વૈશ્વિક શક્તિ ઓની બક્ષિસ મળે છે. વળી ભગવાનને માટે કાર્ય કરવામાં આવતું હોઈને, તેમને અર્પણ કરવામાં આવતું હોઈને, ભગવાન પ્રસન્ન થઈ આપણને બઢતી આપે છે, અને એમના વિરાટ કાર્યોનીજવાબદારી સોંપે છે,એટલું જ નહીં પણ એમની વિશિષ્ટ શક્તિઓથી નવાજે છે.આમ ભગવાનને અર્પણ રૂપે કાર્ય કરતાં કરતાં આપણે તેમનાં સીધાં માર્ગદર્શન હેઠળ આવી જઈએ છીએ.અને પછી ભગવાન ક્યારે પેલો પરદો હટાવી લે છે, તેની આપણનેખબર પણ પડતી નથી અને આપણે ભગવાનની સન્મુખ જઈ પહોંચી એ છીએ.જો ભગવાન સાથે એકતા અનુભવવી હોય, તેના આનંદને પામવો હોય તો તેમના વિશે જાગૃત થવું પડે છે, અને આ જાગૃતિ એટલે જ્ઞાન. આમ સંપૂર્ણ ભક્તિ આપણને સંપૂર્ણ જ્ઞાનમાં લઈ જાય છે અને સંપૂર્ણ જ્ઞાન આપણને ભગવાનની એકતામાં લઈ જાય છે. ભગવાન પ્રત્યેનો ઉત્કટ પ્રેમ પરિપૂર્ણ થતાં તેનું જ્ઞાન થાય છે.અને જ્ઞાન થતાં પ્રેમ ઉત્કટ બને છે.આમ બંને એક રૂપજ બની જાય છે.આ જ્ઞાન અને ભક્તિમાંથી જન્મે છે,પ્રભુના સંકલ્પ પ્રમાણે થતાં કર્મો. એટલે કે જ્ઞાન અને ભક્તિ કર્મોમાં ચરિતાર્થ થાય છે.જ્ઞાનમાંથી જ પ્રભુના સંકલ્પની જાણ થાય છે. પછીએ સંકલ્પ પ્રમાણે કર્મો સહજ રીતે જ થવા લાગે છે. આ કર્મો ભક્તિ ને રૂંધતા નથી. પણ પ્રભુને માટે કરેલાં કર્મોથી ભક્તિ વધે છે અને જ્ઞાન પણ વધે છે. આ રીતે શરૂઆત કર્મથી કરવામાં આવે તો પણ પ્રભુને અર્પણ રૂપે કર્મ કરતાં કરતાં પ્રભુ પ્રત્યે ભાવ જાગે છે. ભક્તિ વધે છે. પ્રભુનું જ્ઞાન થાય છે. કર્મ પણ જ્ઞાન અને ભક્તિને પુષ્ટ કરે છે. આમ માર્ગ ગમે તે લેવામાં આવે,પણ આગળ જતાં જ્ઞાન, ભક્તિ અને કર્મ બધું એક જ રાજરસ્તામાં પલટાઈ જાય છે અને પછી તો ભગવાન પોતે જ એમના અદૃશ્ય હાથોથી એ રાજ રસ્તેથી આપણને એમની સમીપ લઈ આવે છે. પરંતુ શરૂઆત તો આપણે જ કરવી પડે. પછી ભલે એ નાની એવી કેડી હોય. પણ સંકલ્પપૂર્વક ચાલવાનું શરૂ કરીશું તો રાજ રસ્તો પણ મળશે અને ભગવાન પણ મળશે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત છેલ્લે જોઈએ તો ક્ષણ ક્ષણ મંગળ જ જાગે, ક્ષણ ક્ષણ સુખ જ હોય!ક્ષણ ક્ષણ નિજના કર્મ પર સાવધાન જો હોય !! ધર્મ માનવ જીવનને મારા અને મારાથી ઉપર ઉઠવા અને દરેક માટે જીવવાની પ્રેરણા આપે છે. ધર્મ જ્યારે વ્યક્તિના જીવનમાં આવે છે ત્યારે તેની સાથે નમ્રતા જેવા અનેક ગુણો પણ લઈને આવે છે. નમ્રતા ધર્મ સાથે એટલી જ સરળતાથી આવે છે જેટલી ફૂલોથી સુગંધ અને સૂર્ય સાથે પ્રકાશ જેમ વાદળો વિના વરસાદ નથી થઈ શકતો, તેવી જ રીતે સદગુણોના અભાવે ધર્મ પણ થઈ શકતો નથી.તેવી પ્રાર્થના સાથે અસ્તુ.

### મુંબઈમાં કેટલાક ભાગનું શૂટિંગ થયું, અન્ય સીક્વન્સ હૈદરાબાદમાં શૂટ થશે

## ધનશ્રી ડાન્સ સેન્ટ્રિક ફિલ્મથી એક્ટિંગમાં ડેબ્યુ કરશે

સોશિયલ મીડિયા સેલિબ્રિટી અને ક્રિકેટર યજુવેન્દ્ર ચહલની એક્સ વાઈફ ધનશ્રી વર્માને એક્ટિંગમાં ડેબ્યુ કરવાની તક મળી છે. દિલ રાજુની તેલુગુ ફિલ્મ 'અકાસમ દત્તી વાસ્તવા' નામની આ ફિલ્મ ડાન્સ સેન્ટ્રિક રહેશે. હિન્દી ફિલ્મ 'એબીસીડી'ની જેમ ફિલ્મની સ્ટોરી જ ડાન્સ પર આધારિત રહેશે. તેલુગુ ઈન્ડસ્ટ્રીમાં દિલ રાજુ જાણીતા પ્રોડ્યુસર છે. તેમણે અગાઉ 'સંક્રાંતિ વાસ્તુનામ', 'વારિસુ' અને 'હિટઃ ધ ફર્સ્ટ કેસ' જેવી હિટ ફિલ્મો આપેલી છે. ડાયરેક્શનની જવાબદારી શશિ કુમારને અપાઈ છે. ધનશ્રી સહિત ફિલ્મની સમગ્ર કાસ્ટ નવી જ રહેશે. રિપોર્ટ્સ મુજબ, ધનશ્રી વર્માએ મુંબઈમાં કેટલાક ભાગનું શૂટિંગ પૂરું કર્યું છે. ફિલ્મના અન્ય સીક્વલ્સ હૈદરાબાદમાં શૂટ થવાના છે. ધનશ્રીનો જન્મ અને ઉછેર મુંબઈમાં થયેલો છે. ધનશ્રીએ ડેન્ટિસ્ટની ડિગ્રી મેળવેલી છે. મેડિકલ ફિલ્ડમાં કરિયરની સાથે ધનશ્રીએ ડાન્સિંગમાં પગ જમાવવા જાણીતા કોરિયોગ્રાફર શ્યામક દાવર પાસે ટ્રેનિંગ લીધેલી છે. બાદમાં ધનશ્રીએ પોતાના ડાન્સ એકેડમી ધનશ્રી વર્મા કંપની બનાવેલી છે. ધનશ્રીના ડાન્સ વીડિયો સોશિયલ મીડિયા પર છવાયેલા રહે છે. પરંપરાગત ભારતીય નૃત્યોને આધુનિક શૈલીથી રજૂ કરવાની તેની ખાસિયત છે. ધનશ્રીના હાઈ એનર્જી પરફોર્મન્સની સાથે ઘણાં સેલિબ્રિટીઝ જોડાયા છે, જેના કારણે તેની ઓનલાઈન પોપ્યુલારિટી વધી છે. ધનશ્રીએ



ડિસેમ્બર, ૨૦૨૦માં ક્રિકેટર યજુવેન્દ્ર ચહલ સાથે લગન કર્યા હતા. ફેબ્રુઆરી ૨૦૨૫માં તેમણે છૂટાછેડા માટે અરજી કરી હતી અને માર્ચ મહિનામાં સત્તાવાર છૂટાછેડા થયા હતા. ધનશ્રી અને યજુવેન્દ્ર અલગ-અલગ રસ્તા પર આગળ વધી રહ્યા છે. ધનશ્રીએ ફિલ્મોમાં કરિયર બનાવવા પ્રયાસ શરૂ કર્યા છે, જ્યારે યજુવેન્દ્ર અને આરજે મહાવશના રિલેશનશિપ ચર્ચામાં છે.

## સુપરસ્ટાર રજનીકાંત અને ફહાદ ફાસિલ 'જેલર ૨'માં ફરી ભેગા થશે

### રજનીકાંતે તાજેતરમાં ફિલ્મના સેટ પર ચાહકોનું અભિવાદન કર્યું હતુ

મલયાલમ એક્ટર ફહાદ ફાસિલને 'પુષ્પા'માં નેગેટિવ રોલના કારણે ઘણી લોકપ્રિયતા મળી છે. રજનીકાંતની આગામી ફિલ્મ 'જેલર ૨'માં ફહાદ ફાસિલ પણ મહત્ત્વનો રોલ કરવાનો છે. અગાઉ આ બંને એક્ટર્સ 'વેટ્ટૈયન'માં સાથે કામ કરીચૂક્યા છે. ડાયરેક્ટર નેલ્સન દીલિપકુમારના ડાયરેક્શનમાં રજનીકાંતની હિટ ફિલ્મ 'જેલર'ની સીક્વલ બની રહી છે. ફિલ્મના શૂટિંગમાં ફહાદ પણ જોડાય તેવી શક્યતા છે. ૨ળના અટ્ટાપ્પડી ખાત રજનીકાંત, રમ્યા ક્રિશ્નન અને મિર્ના મેનન સહિતની ટીમ 'જેલર ૨'નું શૂટિંગ કરી રહી છે. ૨૦ દિવસનું તેનું શીડ્યુલ છે, જે પૂરું થયા બાદ આગામી શીડ્યુલમાં ફહાદ ફાસિલ પણ કાસ્ટની સાથે જોવા મળશે. રજનીકાંત સાથે મહત્ત્વના રોલમાં ફહાદની પસંદગી અંગે હજુ સત્તાવારા જાહેરાત થઈ નથી, પરંતુ ફહાદ અને રજનીકાંતને સાથે સ્ક્રિન પર જોવાની ઉત્સુકતા વધી ગઈ છે. રજનીકાંતે તાજેતરમાં ફિલ્મના સેટ પર ચાહકોનું



અભિવાદન કર્યું હતું. સનરૂફવાળી કારમાં રજનીકાંત ચાહકોની વચ્ચેથી પસાર થયા ત્યારે હજારો લોકો ખુશ થઈ ગયા હતા. ચાહકો સાથે આ મુલાકાતના વીડિયો ખૂબ વાઈરલ થયા હતા. પોંગલના દિવસે સન પિક્ચર્સ દ્વારા આ ફિલ્મનું એનાઉન્સમેન્ટ થયુ હતું. આ ટ્રેલરમાં નિવૃત્ત જેલર ટાઈગર મુથુવેલ પાંડિયન તરીકે રજનીકાંતની વાપસીની જાહેરાત કરવામાં આવી હતી. ફિલ્મની સ્ટોરી અંગે ખાસ વાત હજુ થઈ નથી, પરંતુ ફહાદ ફાસિલના સમાવેશથી 'જેલર ૨' વધારે રસપ્રદ બનવાની અપેક્ષા છે.

## શાહબાનો કેસ આધારિત ફિલ્મમાં યામી ગૌતમ અને ઈમરાન હાશમીના લીડ રોલ

### ભારતીય લોકશાહી અને બંધારણની ટોચની ૧૦ ઘટનામાં શાહબાનો કેસનો સમાવેશ થાય છે

અધિકાર માટે મુસ્લિમ મહિલાની લડતનું પ્રતીક બનેલાં શાહબાનોના જીવન આધારિત ફિલ્મ બની રહી છે, જેમાં યામી ગૌતમ અને ઈમરાન હાશમી લીડ રોલ કરવાના છે. આઝાદ ભારતમાં ઐતિહાસિક દૃષ્ટિએ અત્યંત સંવેદનશીલ ગણાતા આ કેસમાં ૪૦ વર્ષ અગાઉ સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો હતો. ચુકાદાની ૪૦મી જયંતી નિમિત્તે શાહબાનોના જીવન આધારિત ફિલ્મની જાહેરાત કરવામાં આવી છે. ૧૯૮૫ના વર્ષમાં સુપ્રીમ કોર્ટે શાહબાનો વર્સીસ અહેમદ ખાન કેસમાં ચુકાદો આપ્યો હતો. મુસ્લિમ પર્સનલ લોની જોગવાઈઓ અને મહિલા અધિકાર બાબતે લડતના પ્રતીક તરીકે આ કેસને જોવામાં આવે છે. ભારતના બંધારણીય ઈતિહાસમાં મોટું પરિવર્તન લાવનારા આ કેસમાં સામાજિક અને કાનૂની ક્ષેત્રની આંટીઘૂંટીઓ જોવા મળશે. ફિલ્મમાં યામીની પસંદગી શાહબાનોના રોલ માટે થઈ છે, જ્યારે ઈમરાન હાશમી શાહબાનોના પતિ અહેમદ ખાનનો રોલ કરશે. આર્થિક સંસાધનો અને સમાજના સહકાર વગર મક્કમતા સાથે પોતાની લડત લડનારી શાહબાનોએ ધર્મના નામે મહિલાઓ પર થતા અત્યાચારનો વિરોધ કર્યો હતો.આ કેસ દિવસો સુધી ચર્ચામાં છવાયેલો રહ્યો હતો. ભારતીય લોકશાહી અને બંધારણની ટોચની ૧૦ ઘટનામાં શાહબાનો કેસનો સમાવેશ થાય છે. સુપ્રીમ કોર્ટે આ કેસનો ચુકાદો આપ્યા પછી ખળભળાટ મચી ગયો હતો અને તત્કાલીન સરકારે મતદારોને રીઝવવા માટે





બંધારણમાં ફેરફાર કરી ચુકાદો ઉથલાવ્યો હતો. શાહબાનો કેસ પર ફિલ્મ એવા સમયે આવી રહી છે, જ્યારે સમગ્ર દેશમાં યુનિફોર્મ સિવિલ કોડ અને એક દેશ એક કાયદાની ચર્ચા ચાલી રહી છે.

### આયુષ-અર્પિતાએ ફરાહ ખાનની યુ ટ્યૂબ ચેનલમાં હાજરી આપી હતી

## આયુષ શર્માને કૂકનો પગાર વધુ લાગ્યો, તેના કરતાં રેસ્ટોરન્ટનું ફૂડ સસ્તું પડ્યું

સલમાન ખાનની બહેન અર્પિતા અને બનેવી આયુષ શર્મા મુંબઈ ખાતે એક વિશાળ મકાનમાં રહે છે. આયુષ અને અર્પિતાએ તાજેતરમાં ફરાહ ખાનની યુ ટ્યૂબ ચેનલમાં હાજરી આપી હતી. આયુષે ફરાહ ખાન સાથે વાતચીતમાં જણાવ્યું હતું કે, તેમના ઘરે એક કૂક રાખ્યો હતો. આ કૂકનો પગાર આયુષ શર્માને અતિશય વધારે લાગ્યો હતો. કૂકને પગાર આપવાના બદલે નજીકની રેસ્ટોરન્ટમાંથી રોજ જમવાનું મંગાવી લેવાનો ખર્ચ ઓછો હતો. જેથી આયુષે કૂકને નોકરીમાંથી છૂટો કર્યો હતો. અર્પિતાએ વાતનો દોર આગળ વધારતા કહ્યું હતું કે, તેમના માટે દરરોજ ભાઈ સલમાન ખાનના રસોડામાંથી જમવાનું આવે છે. આયુષને ભારતીય ભોજન વધારે પસંદ આવે છે, જેથી વિદેશમાં ક્યાંક ગયા હોઈએ તો પણ કૂક સાથે રાખવો પડે છે. તાજેતરમાં તેઓ ફિનલેન્ડ ગયા હતા, પરંતુ ભારતીય ભોજન મળવાનું અઘરું હોવાથી કૂકને સાથે લઈ ગયા હતા. ફરાહ ખાને તાજેતરમાં પોતાના કૂકના પગાર અંગે વાત કરી હતી. ફરાહ ખાન તરફથી મળેલા પગારમાંથી તેના કૂકે પોતાના વતનમાં આલિશાન બંગલો બનાવી દીધો છે. ફરાહ ખાને પોતાની યૂ ટ્યૂબ ચેનલ માટે આયુષ-અર્પિતાના ઘરની મુલાકાત લીધી હતી. ફરાહે કહ્યું હતું કે, તેમના ઘરની લોબી ઘણી વિશાળ છે. બાળકો આરામથી ક્રિકેટ અને ફૂટબોલ રમી શકે તેટલી જગ્યા છે. આયુષે મજાકમાં કહ્યું હતું કે, અર્પિતા જ્યાં જાય ત્યાં વિશાળ ઘર બનાવી દે છે. મોટા ઘરમાં તે માત્ર ત્રણ જગ્યાનો જ ઉપયોગ કરતી હોય છે, પણ તેને ઘર મોટું હોય તે ગમે છે.

**અર્પિતાએ વાતનો દોર આગળ વધારતા કહ્યું હતું કે, તેમના માટે દરરોજ ભાઈ સલમાન ખાનના રસોડામાંથી જમવાનું આવે**





રિતેશ દેશમુખે અભિષેકને કહ્યું કે બચ્ચન પરિવારમાં મોટાભાગના નામ A થી શરૂ થાય

## અભિષેક બચ્ચનને બીજા બાળક વિશે પૂછ્છા થઈ તો શરમાઈ ગયો

અભિષેક બચ્ચન અને ઐશ્વર્યા રાયના લગ્ન ૨૦૦૭ માં થયા હતા અને ૨૦૧૧ માં તેઓ પુત્રી આરાધ્યાના માતા-પિતા બન્યા હતા. હવે તે ૧૩ વર્ષની છે. આવી સ્થિતિમાં, દંપતીને તેમના બીજા બાળક વિશે ઘણી વાર પૂછવામાં આવ્યું. અભિષેક જ્યારે રિતેશ દેશમુખના શો 'કેસ તો બનાતા'માં દેખાયો ત્યારે પણ તેની પૂછપરછ કરવામાં આવી હતી. તેમનો આ વીડિયો હવે વાયરલ થઈ રહ્યો છે.ખરેખર, રિતેશ દેશમુખે અભિષેકને કહ્યું હતું કે બચ્ચન પરિવારમાં મોટાભાગના નામ છ અક્ષરથી શરૂ થાય છે. તે અભિષેકને કહે છે, 'અમિતાભ જી, ઐશ્વર્યા, આરાધ્યા અને તું અભિષેક.' આ બધા અક્ષર A થી શરૂ થાય છે. તો જયા આંટી અને શ્વેતાએ શું કર્યું? આ સાંભળીને અભિષેક ખડખડાટ હસી પડ્યો.ત્યારે અભિષેક બચ્ચને જવાબ આપ્યો હતો, 'આ તેમને પૂછવું પડશે.' પણ કદાચ તે આપણા પરિવારમાં એક પરંપરા બની ગઈ છે. અભિષેક, આરાધ્યા...' પછી રીતેશે અટકાવીને પૂછ્યું, 'આરાધ્યા પછી? આ સાંભળીને અભિષેકે નિર્દોષ હોવાનો ડોળ કર્યો અને કહ્યું, 'ના, આગામી



અભિષેક અને ઐશ્વર્યાના લગ્ન ૨૦૦૭ માં થયા હતા

પેઢી આવશે ત્યારે જોઈશું.' તો રિતેશ એ પૂછ્યું હતું, 'આટલો લાંબો સમય કોણ રહે છે?' જેમ કે રિતેશ, રાયન, રાહિલ... પછી અભિષેકે રિતેશને રોક્યો અને શરમાતા કહ્યું, 'મારી ઉંમરના રિતેશનો આદર કર.' હું તમારા કરતા મોટો છું.રિતેશ દેશમુખ અને અભિષેક બચ્ચન વચ્ચે ખૂબ જ ગાઢ સંબંધ છે તે જાણીતું છે. બંનેએ સાથે ઘણી ફિલ્મો કરી છે, જેમાં 'હાઉસફુલ' ફ્રેન્ચાઈઝી અને 'બ્લફમાસ્ટર'નો સમાવેશ થાય છે.

### પહેલી કમબેક ફિલ્મ સાથે જ ડેમી ફરી લાઈમલાઈટમાં આવી

## ૬૨ વર્ષની ડેમી મૂરને વિશ્વની સૌથી સુંદર વ્યક્તિનો ખિતાબ

### અરીસામાં જોઈને મને પણ ઘણી વાર ઉંમર વરતાય છે, પણ ચહેરા પરની કરચલીઓ સ્વીકારી લીધી છેઃ ડેમી

હોલિવૂડ સ્ટાર ડેમી મૂરને પીપલ મેગેઝિને ડેમી મૂરને વર્ષ ૨૦૨૫માં વિશ્વની સૌથી સુંદર વ્યક્તિનો ખિતાબ આપ્યો છે. ૬૨ વર્ષની હોલિવૂડ આઈકોન ડેમી મૂરને વધતી ઉંમરના બંધનો તોડીને મેગેઝિનના કવર પેજ પર ચમકાવવામાં આવી છે. આ કવર પેજમાં ડેમીની સુંદરતાની સાથે વધતી ઉંમર અને સેલ્ફ-એક્સેપટન્સ (સ્વ સ્વિકૃતિ)ની ઝલક જોવા મળે છે. મેગેઝિને ડેમીને વર્લ્ડ્સ મોસ્ટ બ્યુટીફુલ પર્સન જાહેર કર્યા બાદ ડેમી પર પ્રશંસાઓ વરસી રહી છે. આ પ્રકારનું સન્માન મેળવનારી સૌથી વધુ ઉંમરલાયક વ્યક્તિ તરીકે ડેમીનું નામ નોંધાયું છે. સુંદરતા અને યુવાનીને એકબીજાના અભિન્ન અંગ ગણનારી માનસિકતાને ડેમીએ પડકારી છે. પીપલ મેગેઝિને આગામી અંકનું ડિજિટલ કવર જાહેર કર્યું છે જેમાં ડમી મૂર દેખાય છે. આ સાથે ડેમીનો ઈન્ટરવ્યૂ પણ પ્રકાશિત થયો છે, જેમાં ૬૨ વર્ષની ડેમીએ સુંદરતા, ઉંમર અને શરીરમાં ફેરફારને સ્વીકારવાની સમગ્ર સફર વિષે વાત કરી છે. ડેમી માટે આ સમય અત્યંત સફળ રહ્યો છે. ડેમીએ વર્ષો બાદ 'ધ સબ્સ્ટેન્સ' સાથે કમબેક કર્યું છે. આ ફિલ્મને ગોલ્ડન ગ્લોબ અને ઓસ્કારમાં નોમિનેશન મળ્યા હતા, જેના કારણે પહેલી કમબેક ફિલ્મ સાથે જ ડેમી ફરી લાઈમલાઈટમાં આવી ગઈ છે. હોલિવૂડમાં ટોચની એક્ટ્રેસ તરીકે નામ મેળવ્યા બાદ લાંબા સમયના બ્રેક અને ત્યાર પછીના કમબેક અંગે વાત કરતાં ડેમીએ કહ્યું હતું કે, આ સમગ્ર સફર ફુલ પ્રેગનન્સી જેવી રહી છે. તેમાં આનંદ અને નિરાશાની ક્ષણો હતી. એકંદરે આ સમયગાળો અને તેમાં મળેલો અનુભવ અસાધારણ છે. ઉંમર વધવાની સાથે વ્યક્તિને પોતાના શરીરમાં આવતાં ફેરફારો સ્વીકારવામાં તકલીફ પડે છે અને ઉંમરની અસર છુપાવવા જાત-જાતના અખતરા થતા હોય છે. ડેમીએ શરીર સાથે પોતાના સંબંધો અંગે કહ્યું હતું કે, શરીર જે તમામ અવસ્થામાંથી પસાર થયું છે, તેના માટે ભારોભાર અહોભાવ છે અને હાલની સ્થિતિ પણ મને ગમે છે. ક્યારેક અરીસામાં જોઈને લાગે છે કે, હું ઘરડી થઈ રહી છું. ચહેરા પર કરચલીઓ આવી રહી છે, પણ આજે હું જ્યાં છું, તેને મેં સ્વીકારી લીધું છે. હાલના મારા શરીર પરથી મારી ઓળખ અને મારા મૂલ્યોનું આકલન નથી થતું, તેવી મને ખબર છે. હોલિવૂડમાં શરૂઆતના દિવસો યાદ કરતાં ડેમીએ ચુસ્ત ડાયેટ અને આકરી એક્સરસાઈઝ પ્રત્યે અણગમો વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, શારીરિક સુંદરતા માટે ઘણી અવાસ્તવિક અપેક્ષાઓ રહેતી હતી. જેના કારણે મારા શરીરને અનેક વાર સજાઓ આપેલી છે. આ પડાવે પહોંચ્યા પછી ડેમીની પ્રાથમિકતા સુંદર દેખાવાની નથી, પરંતુ સ્વસ્થ અને ખુશ રહેવાની છે. દીર્ઘાયુની સાથે ગુણવત્તાયુક્ત જીવનનું મહત્ત્વ સમજવું જરૂરી છે. આ સમજણ સાથે મારી પોતાની જાત પ્રત્યે હું વધારે સંવેદનશીલ બની છું.



### છેલ્લે સલમાનની ફિલ્મમાં જોવા મળ્યો હતો | ફિલ્મનું નિર્દેશન તેજસ પ્રભા વિજય દેઉસ્કર દ્વારા કરવામાં આવ્યું

## ઈમરાન 'ગ્રાઉન્ડ ઝીરો' સાથે પડદા પર પુનરાગમન કરશે

બોલિવૂડ અભિનેતા ઈમરાન હાશ્મી 'ગ્રાઉન્ડ ઝીરો' સાથે પડદા પર વાપસી કરવા માટે તૈયાર છે. આ અભિનેતા છેલ્લે સલમાન ખાનની ફિલ્મ ટાઈગર ૩ માં જોવા મળ્યો હતો જે ૨૦૨૩ માં રિલીઝ થઈ હતી. હવે દોઢ વર્ષ પછી, ઈમરાન એક વાસ્તવિક જીવનની વાર્તા સાથે પડદા પર જોવા મળશે. તેમની આગામી ફિલ્મ 'ગ્રાઉન્ડ ઝીરો' ૨૦૦૧ના સંસદ હુમલા પર આધારિત છે.ઈમરાન હાશ્મીની ફિલ્મ 'ગ્રાઉન્ડ ઝીરો'માં સંસદ પર થયેલા હુમલાને દર્શાવવામાં આવશે, જે ભારતના બોર્ડર સિક્યુરિટી ફોર્સ દ્વારા હાથ ધરવામાં આવેલા સૌથી મહત્વપૂર્ણ ઓપરેશનોમાંનું એક છે. આ હુમલામાં નવ લોકોએ જીવ ગુમાવ્યા.




આ પછી ભારત અને પાકિસ્તાનના સંબંધોમાં ઊંડી તિરાડ પડી ગઈ. આ હુમલાનો માસ્ટરમાઈન્ડ જૈશ-એ-મોહમ્મદનો કમાન્ડર ગાઝી બાબા હતો. ગાઝી બાબાનું સાચું નામ રાણા તાહિર નદીમ હતું અને તે વિશ્વના મોસ્ટ વોન્ટેડ આતંકવાદીઓમાંનો એક હતો. ઘણા હાઈ-પ્રોફાઈલ હુમલાઓમાં, તે ખાસ કરીને ૨૦૦૧ના ભારતીય સંસદ હુમલાનો માસ્ટરમાઈન્ડ હતો. આ હુમલા પછી, બોર્ડર સિક્યુરિટી ફોર્સના યુવાનોએ એક ખાસ ઓપરેશન દ્વારા ગાઝી બાબાને એન્કાઉન્ટરમાં મારી નાખ્યો. 'ગ્રાઉન્ડ ઝીરો' સિનેમેટિક રોમાંચ અને ઉચ્ચ-ઓક્ટેન ડ્રામા સાથે કઠોર અને અકથિત સત્ય દર્શાવશે. આ ફિલ્મ બતાવશે કે આતંકવાદ સામેનું યુદ્ધ હજુ પણ ચાલુ છે.બીએસએફના વરિષ્ઠ અધિકારી નરેન્દ્ર નાથ ધર દુબેના નેતૃત્વ હેઠળ એક મિશન શરૂ કરવામાં આવ્યું હતું. આ હુમલાનો સીધો અને સ્પષ્ટ હેતુ ગાઝી બાબાના આતંકનો હંમેશા માટે અંત લાવવાનો હતો. આખરે, સંસદ પર હુમલાના બે વર્ષ પછી, ૨૦૦૩ માં, ગુપ્ત માહિતી એકત્રિત કર્યા પછી, ગાઝી બાબાને એન્કાઉન્ટર ઓપરેશનમાં માર્યા ગયા. ગાઝી બાબાની હત્યાને છેલ્લા પાંચ દાયકામાં બીએસએફનું સૌથી સફળ ઓપરેશન માનવામાં આવે છે.'ગ્રાઉન્ડ ઝીરો'નું નિર્દેશન તેજસ પ્રભા વિજય દેઉસ્કર દ્વારા કરવામાં આવ્યું છે. આ ફિલ્મમાં ઈમરાન હાશ્મી બીએસએફ સૈનિકની ભૂમિકામાં જોવા મળશે. તેમની સાથે અભિનેત્રી સાઈ તામહણકર પણ જોવા મળી હતી.



## પ્રાકૃતિક હોવાના કારણે પાકના વેચાણમાં પણ કોઇ તકલીફ નથી પડતી. ગ્રાહકો ઘર બેઠા આવી પાક લઇ જાય છે : પ્રગતિશિલ ખેડુત પ્રજ્ઞાબેન પટેલ



નવસારી જિલ્લામાં આત્મા અંતર્ગત પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. ત્યારે ખેડૂત મહિલાઓની ભાગીદારી નવસારી જિલ્લાના લક્ષ્યને હાંસલ કરવામાં મદદરૂપ બની રહી છે. નવસારી જિલ્લાના ચંદ્રવાસણસુપા ગામના પ્રજ્ઞાબેન પટેલ ફકત એક વિંધામાં આઠથી વધુ શાકભાજી અને ત્રણ ફળોની ખેતી કરી રહ્યા છે.

પ્રજ્ઞાબેન પટેલ પોતાના ઘરની બાજુમાં જ આવેલા પોતાના નાનકડા ખેતરમાં છેલ્લા ત્રણ વર્ષથી પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે. ત્રણ વર્ષ પહેલા આત્મા પ્રોજેક્ટ અંતર્ગત પ્રાકૃતિક ખેતીની તાલીમ મેળવી હતી. જેમાં અધિકારી કર્મચારીઓને ખેડૂત ભાઈબહેનો પોતાના ઘર પરિવાર માટે પ્રાકૃતિક ખેતી કરવા શરૂઆત કરવા આગ્રહ કર્યો હતો. જેના પરિણામે પ્રજ્ઞાબેન સહિત ચંદ્રવાસણસુપા ગામના ઘણા ખેડૂતોએ પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી હતી.

પ્રાકૃતિક ખેતી અપનાવતા તેમણે પાકમાં આવેલા બદલાવ અંગે જાત અનુભવ કર્યો અને આજે ત્રણ વર્ષથી સતત પ્રાકૃતિક ખેતી કરી પોતાના પરિવાર અને વેચાણ માટે અનાજ, શાકભાજી અને ફળોનું ઓર્ગેનીંક ઉત્પાદન કરી રહ્યા છે. આજે તેઓના ખેતરમાં ફલાવર, કોબી, લાલકોબી, રીંગણ, મુળા, કાંદા, ગાજર, હળદળ, પાલક, તાંદળજાની ભાજી, રાઇ, બેબી કોર્ન, લીંબુ, કેરી, ચીકુ, સફેદ જાંબુ વગેરે પાક પોતાના પરિવાર અને વેચાણ અર્થે ઉગાડે છે.

પ્રજ્ઞાબેનના શબ્દોમા કહીએ તો, ''પ્રાકૃતિક ખેતીથી શાકભાજી અને ફળોને સ્વાદ મીઠો લાગે છે. સ્વાદમાં ફર્ક અનુભવી શકાય છે. ઉપરાંત ખાતર અને નિંદામણનો ખર્ચ નથી આવતો જેના કારણે આવક વધારે મળે છે. પ્રાકૃતિક હોવાના કારણે પાકના વેચાણમાં પણ કોઈ તકલીફ નથી પડતી. ગ્રાહકો ઘર બેઠા આવી પાક લઈ જાય છે. પ્રાકૃતિક ખેતી ખરેખર ઓછા ખર્ચે વધુ નફો આપે છે.''

આ ઉપરાંત તેઓ પાસે ૩૩ જેટલી ગાયો છે. જેમાંથી ૩ ગીર ગાય છે. જેના નિભાવ માટે સરકારશ્રી તરફથી વાર્ષિક રૂપોયા ૧૦,૮૦૦/-ની સહાય મળે છે. ૩૩ ગાયોના દુધ થકી પણ ખર્ચ બાદ કરતા ૧૫ થી ૨૦ હજારની માસિક આવક મેળવી પરિવારને આર્થીક મદદરૂપ બન્યા છે.

નવસારી જિલ્લામાં ૨૧૭૩૬ ખેડૂતો દ્વારા કુલ-૭૦૭૪ એકરમાં વિસ્તારમાં પ્રાકૃતિક કૃષિ વિસ્તારી છે. આત્મા (એગ્રિકલ્ચર ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સી) પ્રોજેક્ટ હજારો ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિની તાલીમ અને આર્થિક સહાય આપી રહી છે. રાજ્ય કક્ષાએ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી અને જિલ્લા કક્ષાએ કલેકટરશ્રી ક્ષિપ્રા આગ્રેના સીધા માર્ગદર્શન હેઠળ આત્મા પ્રોજેક્ટ નવસારી દ્વારા ખેડૂત ભાઈબહેનો વિવિધ તાલીમમા સહભાગી થઈ પ્રાકૃત્તિક ખેતીની વિધિવત જાણકારી મેળવી નવસારી જિલ્લાને પ્રાકૃતિક ખેતી તરફ આગળ ધપાવી રહ્યા છે.

### મોટા સપનાની સાથે સરકારી સહાય હેઠળ મળેલા સાધનોના સહારે પાયલબેને પોતાની ઉડાન ભરી અન્ય મહિલાઓ માટે બન્યા પ્રેરણારૂપ

# સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના ઈશનપોર ગામની પાયલબેન પટેલ 'ડ્રોન દીદી' તરીકે બની પ્રેરણારૂપ







### એકાઉન્ટની નોકરી છોડી ડ્રોન ઓપરેટર તરીકે કારકિર્દી શરૂ કરી મેળવી સફળતાઃ બે વર્ષમાં ડ્રોન મશીનથી ખેતરમાં દવાનો છંટકાવ કરી રૂ.૫.૫૦ લાખની આવક પ્રાપ્ત કરી

ગુજરાતના ગ્રામિણ વિસ્તારોમાં મહિલા સશક્તિકરણને ટેકનોલોજી સાથે સંકલિત કરીને રાજ્ય સરકાર દ્વારા પરિવર્તન લાવવાના પ્રયાસો સતત ચાલી રહ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દૃઢ નેતૃત્વ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનથી પ્રેરિત ''નમો ડ્રોન દીદી યોજના'' અંતર્ગત અનેક ગામડાની મહિલાઓ આજે આત્મનિર્ભર બનવાની યાત્રા પર આગળ વધી રહી છે. ત્યારે સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાનાં નાનકડા ગામ એવા ઈશનપોરમાંથી નીકળેલી પાયલબેન પટેલ આજે 'ડ્રોન દીદી' તરીકે ઓળખ પ્રાપ્ત કરી છે. ટેકનોલોજી અને આત્મનિર્ભરતા સાથે ગ્રામિણ જીવનમાં ક્રાંતિ લાવનારી પાયલબેનની સફર એ ગુજરાતના મહિલા સશક્તિકરણની જીવતી ઝાંખીરૂપ બન્યા છે.

ખેતી આધારિત પરિવારમાંથી આવતા પાયલબેને સુરતના અઠવાલાઈન્સ ખાતે આવેલી ગર્લ્સ પોલીટેકનિક કોલેજમાંથી ડિપ્લોમા કોમર્શિયલ પ્રેક્ટિસનો અભ્યાસ પ્રાપ્ત કર્યો. ત્યારબાદ તેમણે એક ખાનગી કંપનીમાં એકાઉન્ટ વિભાગમાં નોકરી કરી, જ્યાં તેમને મહિને રૂ.૧૨ હજારનું વેતન મળતું. પરંતુ જીવનમાં કંઈક નવું કરવાનો વિચારથી તેમણે નોકરી છોડીને ટેકનોલોજીના ક્ષેત્રમાં પગ મૂક્યો અને ડ્રોન ઓપરેટર તરીકે પોતાના વ્યવસાયની શરૂઆત કરી. વર્ષ ૨૦૨૩માં પાયલબેને પુણે ખાતે યોજાયેલી ૧૫ દિવસની વિશિષ્ટ તાલીમ મેળવી. આ તાલીમમાં તેમને ડ્રોન ઉડ્ડયન, સંચાલન તથા તેના નિયમો અંગે ટેકનિકલ જ્ઞાન આપવામાં આવ્યું. તાલીમ પૂર્વે IFFCO દ્વારા લેવાયેલ ઈન્ટરવ્યૂ અને લેખિત પરીક્ષા સફળતાપૂર્વક પાસ કર્યા બાદ તેમને સરકારી સહાય હેઠળ રૂ.૧૫.૩૦ લાખના સાધનોમાં મિડિયમ સાઈઝનો ડ્રોન, ઈ-વ્હીકલ ટેમ્પો અને જનરેટર વિનામુલ્યે પ્રાપ્ત થયાં. તાલીમ પૂર્ણ કર્યા બાદ પાયલબેને



ટેકનોલોજીના માધ્યમથી આત્મનિર્ભરતાની ઉડાન ભરતી મહિલા શક્તિ એવા પાયલબેન પટેલ.

ઓલપાડ તાલુકાના ૩૬ થી વધુ ગામોમાં ખેતીવાડી પાકોમાં ડ્રોન દ્વારા જંતુનાશક દવાઓના છંટકાવની કામગીરી શરૂ કરી. માત્ર બે વર્ષમાં તેઓએ રૂ.૫.૫૦ લાખથી વધુની આવક હાંસલ કરી છે, જે અગાઉની નોકરી કરતા અનેકગણી વધુ છે. પાયલબેન જણાવે છે કે, ડ્રોન ઓપરેટ કરવું અત્યંત જવાબદારીભર્યું કાર્ય છે. ખેતરનો નક્શો ડ્રોનમાં ફીડ કરીને કમ્પાસ કેલિબ્રેશન દ્વારા ચોકસાઈથી ડ્રોનને નિર્ધારિત વિસ્તારમાં ઉડાડવો પડે છે. તેમણે પોતાના અનુભવ વર્ણાવતા કહે છે કે, ડ્રોન મશીનથી દવાના છંટકાવથી સમય, દવા અને પાણીની બચત થાય છે અને ખેતર પર વધુ કાર્યક્ષમતા પ્રાપ્ત થાય છે. ખાસ કરીને ઊંચા પાકોમાં જેમ કે શેરડીના પાકમાં આ ટેક્નિક ખૂબ અસરકારક સાબિત થઈ છે. એક એકર જમીન પર માત્ર સાત મિનિટમાં છંટકાવ શક્ય બને છે. આજે પાયલબેન ઓલપાડ તાલુકાના અનેક ગામોમાં લોકપ્રિયતા મેળવી ચૂકયા છે અને તેમની પાસે સતત નવા કાર્ય માટે સંપર્ક થઈ રહ્યો છે. ઘરનાં કામકાજ, પતિ અને ચાર વર્ષની દિકરીની જવાબદારી નિભાવતાં તેઓ પોતાની કાર્યક્ષમતા અને નિષ્ઠાથી ટેકનોલોજી સાથે શાનદાર સંકલન સ્થાપી રહ્યા છે. પાયલબેનના પ્રયાસોએ આજની ગ્રામીણ મહિલાઓ માટે નવી દિશા બતાવી છે. તેઓ માત્ર પોતાના જીવનમાં પરિવર્તન લાવી શકયા છે તેવું નહી પણ આસપાસની મહિલાઓ માટે પ્રેરણાસ્ત્રોત બન્યા છે. પાયલબેન પટેલ એક એવી ''ડ્રોન દીદી'', જેણે ખેતરમાં ટેકનોલોજીની દિશામાં નવો ઈતિહાસ રચ્યો છે અને આજે ગુજરાતના ગ્રામિણ વિકાસ યાત્રામાં એક દ્રઢ પગથિયાં સમાન સાબિત થઈ રહી છે.

ગુજરાતના ગ્રામિણ વિસ્તારોમાં મહિલા સશક્તિકરણને ટેકનોલોજી સાથે સંકલિત કરીને રાજ્ય સરકાર દ્વારા પરિવર્તન લાવવાના પ્રયાસો સતત ચાલી રહ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દૃઢ નેતૃત્વ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનથી પ્રેરિત ''નમો ડ્રોન દીદી યોજના'' અંતર્ગત અનેક ગામડાની મહિલાઓ આજે આત્મનિર્ભર બનવાની યાત્રા પર આગળ વધી રહી છે. ત્યારે સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાનાં નાનકડા ગામ એવા ઈશનપોરમાંથી નીકળેલી પાયલબેન પટેલ આજે 'ડ્રોન દીદી' તરીકે ઓળખ પ્રાપ્ત કરી છે. ટેકનોલોજી અને આત્મનિર્ભરતા સાથે ગ્રામિણ જીવનમાં ક્રાંતિ લાવનારી પાયલબેનની સફર એ ગુજરાતના મહિલા સશક્તિકરણની જીવતી ઝાંખીરૂપ બન્યા છે.

ખેતી આધારિત પરિવારમાંથી આવતા પાયલબેને સુરતના અઠવાલાઈન્સ ખાતે આવેલી ગર્લ્સ પોલીટેકનિક કોલેજમાંથી ડિપ્લોમા કોમર્શિયલ પ્રેક્ટિસનો અભ્યાસ પ્રાપ્ત કર્યો. ત્યારબાદ તેમણે એક ખાનગી કંપનીમાં એકાઉન્ટ વિભાગમાં નોકરી કરી, જ્યાં તેમને મહિને રૂ.૧૨ હજારનું વેતન મળતું. પરંતુ જીવનમાં કંઈક નવું કરવાનો વિચારથી તેમણે નોકરી છોડીને ટેકનોલોજીના ક્ષેત્રમાં પગ મૂક્યો અને ડ્રોન ઓપરેટર તરીકે પોતાના વ્યવસાયની શરૂઆત કરી. વર્ષ ૨૦૨૩માં પાયલબેને પુણે ખાતે યોજાયેલી ૧૫ દિવસની વિશિષ્ટ તાલીમ મેળવી. આ તાલીમમાં તેમને ડ્રોન ઉડ્ડયન, સંચાલન તથા તેના નિયમો અંગે ટેકનિકલ જ્ઞાન આપવામાં આવ્યું. તાલીમ પૂર્વે IFFCO દ્વારા લેવાયેલ ઈન્ટરવ્યૂ અને લેખિત પરીક્ષા સફળતા પૂર્વક પાસ કર્યા બાદ તેમને સરકારી સહાય હેઠળ રૂ.૧૫.૩૦લાખના સાધનોમાં મિડિયમ સાઈઝનો ડ્રોન, ઈ-વ્હીકલ ટેમ્પો અને જનરેટર વિનામુલ્યે પ્રાપ્ત થયાં. તાલીમ પૂર્ણ કર્યા બાદ પાયલબેને ઓલપાડ તાલુકાના ૩૬ થી વધુ ગામોમાં ખેતીવાડી પાકોમાં ડ્રોન દ્વારા જંતુનાશક દવાઓના છંટકાવની કામગીરી શરૂ કરી. માત્ર બે વર્ષમાં તેઓએ રૂ.૫.૫૦ લાખથી વધુની આવક હાંસલ કરી છે, જે અગાઉની નોકરી કરતા અનેકગણી વધુ છે.

પાયલબેન જણાવે છે કે, ડ્રોન ઓપરેટ કરવું અત્યંત જવાબદારીભર્યું કાર્ય છે. ખેતરનો નક્શો ડ્રોનમાં ફીડ કરીને કમ્પાસ કેલિબ્રેશન દ્વારા ચોકસાઈથી ડ્રોનને નિર્ધારિત વિસ્તારમાં ઉડાડવો પડે છે. તેમણે પોતાના અનુભવ વર્ણાવતા કહે છે કે, ડ્રોન મશીનથી દવાના છંટકાવથી સમય, દવા અને પાણીની બચત થાય છે અને ખેતર પર વધુ કાર્યક્ષમતા પ્રાપ્ત થાય છે. ખાસ કરીને ઊંચા પાકોમાં જેમ કે શેરડીના પાકમાં આ ટેક્નિક ખૂબ અસરકારક સાબિત થઈ છે. એક એકર જમીન પર માત્ર સાત મિનિટમાં છંટકાવ શક્ય બને છે.

આજે પાયલબેન ઓલપાડ તાલુકાના અનેક ગામોમાં લોકપ્રિયતા મેળવી ચૂકયા છે અને તેમની પાસે સતત નવા કાર્ય માટે સંપર્ક થઈ રહ્યો છે. ઘરનાં કામકાજ, પતિ અને ચાર વર્ષની દિકરીની જવાબદારી નિભાવતાં તેઓ પોતાની કાર્યક્ષમતા અને નિષ્ઠાથી ટેકનોલોજી સાથે શાનદાર સંકલન સ્થાપી રહ્યા છે.

પાયલબેનના પ્રયાસોએ આજની ગ્રામીણ મહિલાઓ માટે નવી દિશા બતાવી છે. તેઓ માત્ર પોતાના જીવનમાં પરિવર્તન લાવી શકયા છે તેવું નહી પણ આસપાસની મહિલાઓ માટે પ્રેરણાસ્ત્રોત બન્યા છે.

પાયલબેન પટેલ એક એવી ''ડ્રોન દીદી'', જેણે ખેતરમાં ટેકનોલોજીની દિશામાં નવો ઈતિહાસ રચ્યો છે અને આજે ગુજરાતના ગ્રામિણ વિકાસ યાત્રામાં એક દ્રઢ પગથિયાં સમાન સાબિત થઈ રહી છે.

# પ્રાકૃતિક ખેતી એટલે પ્રકૃતિ દ્વારા સિંચાતી-સચવાતી ખેતીઃ નવસારીના પ્રગતિશીલ ખેડૂત પરિમલ દેસાઈ

**{પ્રાકૃતિક પેદાશના વેચાણકરનાર ખેડૂત મિત્રોએ GOPCAમાં રજીસ્ટ્રેશન જરૂરથી કરાવવું} {સરકારના અથાગ પ્રયત્નો થકી આજે લોકોમાં પ્રાકૃતિક ખેતીની જાગૃતા ઘણી વધી છે} મનવસારી કૃષિ યુનીવર્સીટી તથા સરકારના કૃષિ વિભાગમાંથી સતત ટેકનીકલ માર્ગદર્શન અને વેચાણના પ્લેટફોર્મ મળી રહે છે : પ્રગતિશીલ ખેડૂત પરિમલભાઈ દેસાઈ**

દેશના નાગરીકોના સ્વાસ્થ્યની ચિંતા કરીને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા આહ્વાન કર્યું છે. જેનો હકારાત્મક પ્રતિસાદ આપતા રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતના માર્ગદર્શન તથા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજય સરકાર દ્વારા રાજ્યમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહિત કરતી અનેક પહેલો કરવામાં આવી રહી છે. લોકોના સ્વાસ્થ્યપ્રદ ખોરાક મળી રહે તે માટે પ્રાકૃતિક ખેતી એ સમયની માંગ છે. ઝીરો બજેટની ખેતીથી જમીનનું રક્ષણ પણ થશે અને લોકોની આરોગ્ય ગરિમા પણ જળવાઈ રહેશે એ ખેડૂતોને સમજાયું છે, ત્યારે નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના હાંસાપોરગામનાખેડૂતશ્રીપરીમલભાઈદેસાઈએ૨૦૧૦ થી પ્રાકૃતિક ખેતી અપનાવીને આત્મનિર્ભર બન્યા છે. પ્રાકૃતિક ખેતીના પંચસ્તરીય મોડેલનો ઉપયોગ કરીને ખેડુતે કેરી ,ચીકુ શેરડી, ચોખા જેવા પાકોનું ઉત્પાદન કરીને તેનું મૂલ્યવર્ધન કરીને ડબલ આવક મેળવી છે.

પરિમલભાઈ દેસાઈ કહે છે કે, આજના સમયમાં પ્રાકૃતિક ખેતી એ સમયની માંગ છે. વધતા જતા રાસાયણિક ખાતરો- પેસ્ટીસાઈડઝ, દવાઓના પરિણામે કેન્સર જેવા રોગોનું પ્રમાણ સતત વધી રહ્યુ છે. ત્યારે ગાય, ગામડુ અને ખેતી વિના ઉદ્ધાર નથી.

પરિમલભાઈ જણાવે છે કે, ૨૦૧૦ ના વર્ષથી પ્રાકૃતિક ખેતી કરવાની શરૂઆત કરી હતી. પ્રાકૃતિક ખેતીના પાંચ આયામોનું સંપુર્ણ પાલન કરીને ખેતીમાં અદભુત પરિણામો મેળવ્યા છે. ખેતીપાકોમાં બીજામૃત, ઘન જીવામૃત, આચ્છાદાન, વાપસા, મિશ્રપાક એમ પાંચ આયામોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત પ્રાકૃતિક ખેતીમાં વિવધ પ્રયોગો કરીને પોતાની જમીનને રસાયણયુકત ખેતીમાંથી મુક્ત કરી છે. આ




પ્રગતિશીલ ખેડૂત કહે છે કે, પંચસ્તરીય મોડેલના ઉપયોગથી અનેકગણું પરિણામ મળ્યું છે. પ્રાકૃતિક કૃષિથી મારી જમીનમાં અળસિયાની સંખ્યા વધી છે જેથી જમીનની ભેજ તારણશક્તિ વધવાના કારણે પિયતની સંખ્યા પણ ઘટી છે. સરવાળે વીજળી બિલ પણ ઘટ્યું, પાણીની બચત થઈ, જમીનમાં પણ સુધારો થયો અને એકંદરે અમારો ખેતીનો ખર્ચ પણ ઘટ્યો છે. તેઓએ પ્રાકૃતિક ખેતીનો પ્રસાર-પ્રચાર થાય તે માટે મંદિર ગામમાં આવેલ 'શાંતિ નીલયમ' પ્રાકૃતિક કૃષિ ફાર્મનું GOPCA હેઠળ રજીસ્ટ્રેશન કરાવી ગામના આસપાસના ખેડૂતોને પ્રાકૃતિક ખેતીનું માર્ગદર્શન આપી રહ્યા છે. તેઓ નવસારી કૃષિ યુનીવર્સીટીના કૃષિ સેમીનાર અને વર્કશોપમાં અચૂક હાજર રહે છે અને જણાવે છે કે આજે સરકારશ્રીના અથાગ પ્રયત્નોથી પ્રાકૃતિક ખેતી પ્રત્યે લોકોની જાગૃતામાં વધારો થયેલ છે અને નવસારી કૃષિ યુનીવર્સીટી તથા કૃષિ વિભાગના જિલ્લા ખેતીવાડી કચેરી , બાગાયત કચેરી અને આત્મા પ્રોજેક્ટ દ્વાર ખેડૂતોને પ્રાકતિક ખેતીનું સતત માર્ગદર્શન અને તમામ પ્રકારની સહાય મળી રહે છે. પરિમલ ભાઈ કહે છે કે, આજે જે પ્રમાણે રોગનું પ્રમાણ દિન-પ્રતિદિન વધી રહ્યું છે ત્યારે આપણે પ્રાકૃતિક ખેતી અપનાવવી જ પડશે. રાસાયણિક ખાતરો, જંતુનાશક દવાઓના બેફામ ઉપયોગના પરિણામે જમીનની ફળદ્રુપતા ઘટી છે. જેથી ધરતીમાતાને પુનઃ ફળદ્રુપ બનાવવા અને લોકોને સ્વસ્થ, સશક્ત બનાવવા માટે પ્રાકૃતિક ખેતી અપનાવવી જ પડશે. પરિમલ ભાઈ કહે છે કે, પ્રાકૃતિક ખેતીમાં બહારથી કોઈ વસ્તુ લાવવાની જરૂર નથી. ગામનો પૈસો ગામમાં, શહેરનો શહેરમાં અને દેશનો પૈસો દેશમાં રહેશે. આ ખેતીમાં રોજગારીની પણ વિપુલ તકો રહેલી છે. પ્રગતિશીલ યુવાનો આ ખેતીને ઉન્નત બનાવી શકે છે. સૌ ખેડૂતોએ વધુમાં વધુ પ્રાકૃતિક ખેતી અપનાવી સ્વસ્થ અને સમૃદ્ધ સમાજ તથા રાષ્ટ્રનિર્માણ માટે કટિબદ્ધ બનવાનો અનુરોધ કર્યો હતો.

## બાગાયત ખાતાની વિવિધ યોજનાઓ હેઠળના ૪૭ ઘટકોમાં ઓનલાઈન નવી અરજીઓ કરવા આઈ-ખેડૂત પોર્ટલ ખુલ્લુ મુકાયું




વર્ષ ૨૦૨૫-૨૬માં નવસારી જિલ્લાના ખેડૂતો માટે બાગાયત ખાતાની વિવિધ યોજનાઓ હેઠળના ૪૭ ઘટકોમાં ઓનલાઈન નવી અરજીઓ મેળવવા આઈ-ખેડૂત પોર્ટલ તા.૨૪/૦૪/૨૦૨૫ થી તા.૩૧/૦૫/૨૦૨૫ સુધી ખુલ્લુ મુકવામાં આવેલ છે. જેમાં લાભ લેવા માંગતા ખેડૂતોએ અરજી કરતાં પહેલા ખેડૂત નોંધણી કરવી ફરજિયાત છે. તેમજ નોંધણી કરવા માટે મોબાઈલ નંબર નાખવો ફરજિયાત રહેશે. એક મોબાઈલ નંબર થી એક જ નોંધણી શક્ય બનશે ત્યારબાદ લાભ મેળવવા માટે ઓનલાઈન અરજી કરી શકશે.તેમજ અરજીમાં જણાવ્યા મુજબના કાગળો અપલોડ કરી અરજી કન્ફર્મ કરી અરજીની પ્રીન્ટ લઈ ખેડૂતોએ પોતાની પાસેજ રાખવાની રહેશે તથા પોર્ટલ પર અરજી મેળવવાની સમય મર્યાદા પુર્ણ થયા બાદ તમામ અરજીઓનો ડ્રો કરવામાં આવશે અને અગ્રતા યાદી તૈયાર કરવામાં આવશે જે મુજબ પુર્વમંજૂરી આપવામાં આવશે, મંજૂરી મળ્યા બાદ ક્લેઈમ સબમીટ કરતી વખતે સહી કરી જરૂરી સાધનિક કાગળો સહિત અત્રેની કચેરી ખાતે જમાં કરાવવાના રહેશે જેની નોંધ લેવા સૌ ખેડૂત મિત્રોને જણાવવામાં આવે છે. મુખ્ય ઘટકો જેવા કે ફળ પાક વાવેતર આંબા,ટીસ્યુ કેળ, કમલમ, પપૈયા,નાળિયેરી,જામફળ. લીંબુ, વગેરે, ફળપાક પ્લાન્ટીંગ મટીરીયલ (વનબંધુ),પ્લગ નર્સરી (વનબંધુ), શાકભાજીની પ્રાકૃતિક ખેતી પધ્ધતિથી વાવેતર, સરગવાની ખેતી, પાણીના ટાંકા, બાગાયતી પાકોના પ્રોસેસીંગના નવા યુનિટ,પેકિંગ મટીરિયલ,ક્રોપ કવર/ બંચ કવર/ ગ્રો કવર, જુના બગીચાઓનું નવીનીકરણ, કાચા / અર્ધપાકા / પાકા ટ્રેલીઝ-મંડપ, સ્વરોજગારલક્ષી બાગાયતી નર્સરી વિકાસ કાર્યક્રમ, ટુલ્સ, ઈક્યુપમેન્ટ, શોર્ટીગ, ગ્રેડીગના સાધનો તથા પી.એચ.એમ ના સાધનો માટે નો સહાયનો કાર્યક્રમ,મહિલા તાલીમાર્થીઓને વૃતિકા (સ્ટાઈપેડ) જેવા ઘટકોમાં અરજી કરી શકાશે.

### ૧૫ મિનિટમાં ૬૯ લાખની ઘડિયાળોની બેગ ભરી

# ટાઇટનના શોરૂમમાંથી ૪૫ લાખની ૧૯ ઘડિયાળ સહિત ૧૦૨ મોંઘીદાટ વોચના ચોર ઝડપાયો

। (એજન્સી) રાજકોટ, તા.૨૭ ।

રાજકોટના ત્રિકોણ બાગ નજીક આવેલા ટાઈટન કંપનીના શો-રૂમમાંથી ૧૦૨ બ્રાન્ડેડ ઘડિયાળ અને રૂપિયા ૪ લાખ રોકડા મળી કુલ રૂપિયા ૭૩ લાખના મુદ્દામાલની ચોરીનો ભેદ ઉકેલવામાં ક્રાઈમ બ્રાંચને સફળતા મળી છે. બ્રાન્ડેડ ઘડાયાળની ચોરીમાં બિહારના મોતીહારી જીલ્લાના ઘોડાસનની પ્રખ્યાત ચાદર ગેંગની સંડોવણી ખુલતા ક્રાઈમ બ્રાંચની ટીમે આ ગેંગને પકડવા બિહાર અને નેપાળ પહોચી તપાસ હાથ ધરી હતી જેમાં નેપાળ બોર્ડર નજીક એક ગામમાંથી ગેંગના પાંચ સભ્યો પૈકી એક સાગ્રિતને ૬.૨૯ લાખની ૨૧ ચોરાઉ ઘડીયાળ સાથે ઝડપી લઈ ગેંગના અન્ય ૪ સભ્યોને પકડવા તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે પકડાયેલ રાકેશ પંડીત કચ્છની એક કંપનીમા નોકરી કરતો હતો તેણે બિહારથી ચોરીમા પારંગત તેના નાના ગોવિંદ અને તેના સાગરિતોને રાજકોટ બોલાવ્યા હતા કચ્છ આવેલા ગોવિંદ અને રાકેશે રાજકોટ આવી અન્ય સભ્યો સાથે મળી આ ચોરીને અંજામ આપ્યો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે.રાજકોટના ત્રિકોણ બાગ નજીક ટાઈટન કંપનીના શો-રૂમમાં ગત તા.૧૭.૦૪.૨૦૨૫ના રોજ વહેલી સવારે પાંચ શખસોએ આવી ૬૮.૮૩ લાખની ૧૦૨ કિંમતી ઘડિયાળો તેમજ ૪ લાખની રોકડની ચોરી કર્યાની ફરિયાદ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. જેમાં પોલીસે સીસીટીવી ફૂટેજ ચેક કરતા શટર ઉંચકીને માત્ર ૨૦ મિનિટની અંદર જ ચોરીને અંજામ આપી પાંચેય શખસો નાસી છુટ્યા હોવાનું સામે આવ્યું હતું.

જે બાદ રાજકોટ શહેર ક્રાઈમ બ્રાન્ચ, એ ડિવિઝન, તેમજ ન્ઝમ્ની અલગ અલગ ટિમો બનાવી તપાસ શરૂ કરવામાં આવી હતી જેમાં રાજકોટ ક્રાઈમ બ્રાંચની ટીમને ચોકકસ માહીતી મળી હતી જેના આધારે ક્રાઈમ બ્રાંચનાં PSI એ.એન.પરમાર અને એમ.કે.મોવલીયાની ટીમ બિહાર અને ત્યાથી નેપાળ ખાતે આ ટોળકીને પકડવા માટે ગુપ્ત ઓપરેશન હાથ ધર્યુ હતુ. રાજકોટ પોલીસ દ્વારા સીસીટીવી ફૂટેજ, ટેક્નિકલ સોર્સીસ અને હ્યુમન સોર્સીસ આધારે તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, ચોરીને અંજામ આપી આરોપીઓ પ્રથમ હોસ્પિટલ ચોક, ત્યાંથી ગ્રીનલેન્ડ ચોક, ત્યાંથી લીમડી હોટલ, ત્યથી અમદાવાદ રેલવે સ્ટેશન, અમદાવાથી અજમેર રેલવે સ્ટેશન અને ત્યાંથી તેઓ ખાનગી ટ્રાવેલ્સ મારફત દિલ્લી પહોંચ્યા હતા જ્યાંથી સીધા ૩ આરોપી નેપાળ નાસી છૂટ્યા હતા.જયારે બે આરોપીઓ બે દિવસ દિલ્લી રોકાણ કર્યું હતું જેમાંથી બીજા દિવસે વધુ એક આરોપી નેપાળ નાસી છૂટ્યો હતો અને અન્ય એક આરોપો બિહાર પોતાના ઘરે ગયો હતો. આ માહિતી પોલીસને મળતા ૨૫૦૦ થી વધુ કિલોમીટર અંતર કાપી ૬ દિવસ રાજકોટ ક્રાઈમ બ્રાન્ચની ટિમ બિહારમાં વેસ પલટો કરી રોકાઈ હતી અને આરોપી ઘરે આવ્યાની જાણ થતા તેની અટકાયત કરી રાજકોટ લાવી હતી. નેપાળ બોર્ડરને અડીને આવેલા બિહારનાં મોતીહારી જીલ્લાનાં દરોગા ટોલામાથી આ ટોળકીનાં સાગરિત રાકેશકુમાર પંડિત (ઉ.વ.૨૩)ને પકડવામાં પોલીસને સફળતા મળી હતી. જેથી તેની ધરપકડ કરી તેની પાસેથી રાજકોટ શો રૂમમાથી ચોરાયેલ ૬.૨૯ લાખની ૨૧ ઘડિયાળ કબજે કરવામાં આવી હતી. પોલીસે આરોપીની વધુ પુછપરછ કરતા આ ચોરીમા રાકેશ સાથે તેના કૌટુંબિક નાના કે જેઓ બિહારના રહેવાસી છે તેવા ગોવીંદ ચૌધરી, તેમજ અન્ય બિહારના રહેવાસી શ્રીરામ રામેશ્ર્વર સહ, રકસોલનો જીતેન્દ્ર શંકર સહ અને બીંદેશ્ર્વરી જગદીશ સહ સામેલ હોવાની કબૂલાત આપી હતી. પકડાયેલ આરોપી રાકેશની વધુ પુછપરછ કરતા તેને જણાવ્યું હતું કે તે પોતે તેના ભાઈ રૂપેશ સાથે કચ્છની એક કંપનીમા નોકરી કરતો હતો. આરોપી રાકેશના નાના ગોવિંદ કચ્છ આવ્યા હતા જયાથી બંને રાજકોટ આવ્યા અને બે દિવસ સુધી રેકી કર્યા બાદ ટાઈટન કંપનીના શોરૂમમા ચોરી કરવા માટે બિહારથી ગોવિંદનાં અન્ય ૩ મિત્રો શ્રીરામ, જીતેન્દ્ર અને બીદેશ્ર્વરીને રાજકોટ બોલાવી ચોરીને અંજામ આપ્યો હતો. આ ટોળકીને પકડવા માટે ક્રાઈમ બ્રાંચની ટીમે રસોઈયા તેમજ ફેરીયાનો વેશ પલ્ટો કરી બીહારનાં મોતીહારી જીલ્લાનાં ધોરાસહન અને આસપાસનાં ગામોમા વોચ ગોઠવી રાકેશને ઝડપી લીધો હતો.

## ન્યૂઝ બ્રિફ

### હવામાન વિભાગે આગામી સપ્તાહ માટે પણ ગરમીનું એલર્ટ આપ્યું

। (એજન્સી) અમદાવાદ, તા.૨૭ ।

હવામાન વિભાગે રાજ્યમાં આકરી ગરમીની આગાહી કરી છે. રાજ્યના મોટા ભાગના વિસ્તારમાં તાપમાનનો પારો ૨થી૩ ડીગ્રી ઉંચે જવાના અનુમાન વ્યક્ત કર્યો છે. જેના પગલે મોટાભાગના વિસ્તારમાં તાપમાનનો પ ારો ૪૨ને પાર જાય તેવી શક્યતા છે. રાજયમાં અગનવર્ષાની સ્થિતિના કારણે બપોરમાં રસ્તા સૂમસાન જોવા મળે છે. ગઈ કાલે ૪૩.૯ ડિગ્રી તાપમાન સાથે રાજકોટ રાજ્યનું સૌથી વધુ ગરમ શહેર રહ્યું. અમરેલી, સુરેંદ્રનગરમાં પણ તાપમાનનો પારો ૪૩ ડિગ્રીને પાર પહોંચ્યો છે. અમદાવાદમાં પણ લોકો આકરા તાપના કારણે અગન વર્ષાનો અનુભવ કરી રહ્યાં છે. અમદાવાદમાં પણ ગરમીનો પારો ૪૧ ડિગ્રીને પાર પહોંચ્યો છે. આગામી દિવસોમાં પણ તાપ માનમાં ૨થી ૩ ડિગ્રીનો વધારો થઈ શકે છે. હવામાન વિભાગે ખાસ કરીને અમદાવાદમાં આકરી ગરમીનું ૨ મે સુધી એલર્ટ આપ્યું છે. ૨ મે સુધીમાં અમદાવાદનું તાપમાન ૪૪ ડિગ્રી પહોંચે તેવું અનુમાન હવામાન વિભાગે વ્યક્ત કર્યું છે.

### એકમ કસોટીના કારણે શિક્ષકો પર કામનો બોજ વધારે

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૭ ।

ગુજરાત સરકારે છ વર્ષ સુધી પ્રાથમિક અને માધ્યમિક સરકારી શાળાઓમાં એકમ કસોટીના નામે વિદ્યાર્થીઓને માનસિક તણાવમાં મૂક્યા પછી શિર્ષાસન કરીને એકમ કસોટીઓ બંધ કરવાનો નિર્ણય લીધો છે. આ વર્ષના જૂનથી શરૂ થતા ૨૦૨૫-૨૬ ના શૈક્ષણિક સત્રથી એકમ કસોટી બંધ કરી દેવાશે. અલબત્ત ગુજરાત સરકાર તેના સ્થાને નવી કોઈ વ્યવસ્થા લાવવા વિચારી રહી છે એ જોતાં એવું લાગે છે કે વિદ્યાર્થીઓ અને શિક્ષકોનો સ્ટ્રેસ બિલકુલ દૂર નહીં થાય. એકમ કસોટી હેઠળ રાજ્યની ૪૦,૦૦૦ થી વધુ પ્રાથમિક અને માધ્યમિક સરકારી તથા ગ્રાન્ટેડ શાળાઓમાં સાપ્તાહિક, પખવાડિક અને માસિક એકમ કસોટી લેવાતી હતી. તેના કારણે શિક્ષકો પર કામનો બોજ વધતો હતો અને વિદ્યાર્થીઓ પર સતત પ રીક્ષાનો તણાવ રહેતો હતો તેથી ઉગ્ર વિરોધ થયો હતો. ધોરણ ૧ થી ધોરણ ૧૨ ના વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવા માટે લેવાતી આ એકમ કસોટી બે સ્તરે લેવાતી હતી. ધોરણ ૧ થી ધોરણ ૮ ના વિદ્યાર્થીઓની એકમ કસોટી ગુજરાત શિક્ષણ સંશોધન અને તાલીમ પરિષદ લેતી હતી. જ્યારે ધોરણ ૯ થી ધોરણ ૧૨ માટેની એકમ કસોટી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી હતી. એકમ કસોટી બંધ કરી દેવાશે પછી ગાંધીનગરમાં બનાવાયેલા વિદ્યા સમીક્ષા કેન્દ્રને નવી કામગીરી સોંપાશે. ગુજરાતમાં ૨૦૧૯ થી શરૂ કરાયેલી એકમ કસોટીનું તૂત ખાનગી કંપનીઓને ફાયદો કરાવવા માટે ચલાવાયું હોવાનું અધિકારીઓ સ્વીકારે છે.

### ગોંડલમાં આરપારની લડાઈ । રાજકારણ...કથીરિયાના વિરોધમાં રિબડામાં પાટીદાર યુવાનો કાળ વાવટા અને પોસ્ટરો સાથે આવ્યા બહાર

# અલ્પેશ કથીરિયાની ગોંડલમાં એન્ટ્રી થતા થયો વિરોધ, ગાડીના કાચ તોડાયા

। (એજન્સી) ગોંડલ, તા.૨૭ ।

રાજકોટના ગોંડલમાં ગણેશ અને અલ્પેશ કથીરિયા વચ્ચે આરપારની લડાઈ જોવા મળી છે. ગોંડલ પહોંચેલા કથીરિયા, માલવિયાનો કાળા વાવટા અને સુત્રોચ્ચારથી વિરોધ કરાયો. અલ્પેશે કહ્યું, ગાડીમાં તોડફોડનો પ્રયાસ કરાયો. ગોંડલ મિર્ઝાપુર છે તે આજે થયું સાબિત. સૌરાષ્ટ્રના ગોંડલમાં આજે રાજકારણ ગરમાયું છે. ગણેશ ગોંડલની પડકાર ઝીલીને અલ્પેશ કથીરિયા ગોંડલ પહોંચ્યા હતા, જ્યાં કાળા વાવટા ફરકાવીને અલ્પેશ કથીરિયાનો વિરોધ કરવામાં આવ્યો હતો. કથીરિયા સાથે ધાર્મિક માલવિયા પણ આવી પહોંચ્યા હતા. અલ્પેશ કથીરિયાની ગાડીને નુકસાન કરવાનો પણ પ્રયાસ કરવામાં આવ્યો હતો. કથીરિયાની ગાડીના કાચ તોડવામાં આવ્યા હતા.

એક તરફ અલ્પેશ કથીરિયાની વિરોધમાં ગોંડલભરમા પોસ્ટર લગાડવામાં આવ્યા હતા. તો બીજી તરફ, ગોંડલ આશાપુરા ચોકડી ખાતે અલ્પેશ કથીરિયાને આવકારવા માટે તેના સમર્થકો પહોંચ્યા.



અલ્પેશ કથીરિયાના સમર્થકો આવકારવા માટે પહોંચ્યા. એક તરફ ગણેશ જાડેજાના સમર્થકો, તો બીજી તરફ અલ્પેશ કથિરિયાના સમર્થકોથી ગોંડલમાં માહોલ ગરમાયો હતો. અલ્પેશ કથીરીયાના સમર્થકો જય શ્રી રામના ઝંડીઓ સાથે પહોંચ્યા હતા. ગણેશ ગોંડલના સમર્થકોએ કાળા વાવટા ફરકાવી વિરોધ કર્યો હતો.

ગોંડલમાં પ્રવેશતા અલ્પેશ કથીરિયાએ નિવેદન આપતા જણાવ્યું કે, માર માર્યો છે, પાછળથી ગાડીના કાચ તોડે છે. મજબૂતાઈથઈ સ્વાગત છે. ગોંડલ ખરેખર મિરઝાપુર છે તે સાબિત થાય છે. હું તો હજુ કહું છે કે મારો. ગાડીને તોડે, લોકોને મારે એ તો મિરઝાપુર છે એ સાબિત થઈ રહ્યું છે. રાજકારણ કોનું ચાલશે એ ૨૦૨૭ માં નક્કી થશે. હાલ રાજકારણનો સમય નથી. રાજકારણને બૌખલાહત છે, લોકોમાં ભયનો માહોલ છે, પરંતુ આજે એ જ લોકોમાં ભયનો માહોલ જોઈ ખુશી થાય છે. કોઈ પણ વ્યક્તિએ નાના કે મધ્યમવર્ગીય વ્યક્તિને દબાવીને પોતાનું શાસન ન કરવું જોઈએ. આ અમે નહિ ચલાવી લઈશુ. અમારી ગાડી પર હુમલા થયા છે તે લાઈવ બતાવે છે. અલ્પેશ કથીરિયા જ્યા જ્યાંથી પસાર થઈ રહ્યાં છે, ત્યાં ત્યાં ગણેશ ગોંડલના સમર્થકો દ્વારા વિરોધ થઈ રહ્યો છે. અલ્પેશ કથીરિયા સમર્થકોની કારની ગાડીઓના કાચ તોડવામાં આવ્યા છે. સમર્થકોએ પણ કહ્યું કે, આ ગોંડલ નથી મિરઝાપુર છે. વિરોધ વચ્ચે કથીરિયા, ધાર્મિક માલવિયા અને જિગીશા પટેલે પોતાની ટીમ સાથે સ્વામીનારાયણ મંદિરે દર્શન કર્યા હતા. તો બીજી તરફ, જયરાજસિંહ જાડેજાના ઘરની બહાર પણ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ખડકી દેવાયો છે.

#### જે અહી રહેતા નથી તે વિરોધ કરવા આવી જાય છે – જયરાજસિંહ જાડેજા

ગોંડલના રાજકારણમાં જોરદાર ગરમાવો આવ્યો છે. આવામાં પાટીદાર વર્સિસ ક્ષત્રિયાના વિવાદ પર પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાએ ઝંપલાવ્યું છે. તેમણે કહ્યું કે, ગોંડલને ખોટી રીતે બદનામ કરવામાં આવી રહ્યું છે. જયરાજસિંહ જાડેજાએ જણાવ્યું કે, ગોંડલને ખોટી રીતે બદનામ કરવામાં આવી રહ્યું છે. ગોંડલમાં અઢારે વરણ અમારા પરિવાર સાથે છે. લોક રોષ જોઈને ગોંડલ છોડીને જતું રહેવું પડ્યું છે. અમને આજે જનતાનો વિશ્વાસ મળ્યો છે. ૫૦૦ કિલોમીટર દૂર રહિને ગોંડલ ભયમાં હોવાનો આક્ષેપ કરે છે. ગણેશ ગોંડલ અમે નામ નથી આપ્યું ગોંડલની જનતાએ નામ આપ્યું છે. આ સાથે જ જયરાજસિંહ જાડેજાએ પડકાર ફેંક્યો કે, અણવર બનીને નહિ વરરાજા બનીને આવજો. આગામી દિવસોમાં નગરપાલિકા, માર્કેટીંગ યાર્ડ, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણી આવી રહી છે.

### તું કાળી છે-તું નીચી છે, અપશુકનિયાળ છે," દહેજના ભુખ્યા સાસરિયાનો પરિણીતાને ત્રાસ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૭ ।

દહેજના ભૂખ્યા દાનવોએ દહેજની લાલચમાં પરિણીતાને શારીરિક અને માનસિક ત્રાસ આપ્યો છે. લગ્ન પહેલા જ પતિએ દહેજ પેટે રૂપિયા ૫૫ લાખની માંગણી કરી હતી. જ્યારે જન્મદિવસે પણ આઈફોનની માંગણી કરી હતી. દહેજ પેટે લાખો રૂપિયા આપ્યા બાદ પણ મહિલાને નાની નાની બાબતોમાં હેરાન પરેશાન કરતા મહિલાએ પ ોલીસ ફરિયાદ નોંધાવી છે.શહેરના ચાંદલોડિયા વિસ્તારમાં રહેતી પરિણીતાએ મહિલા પશ્ચિમ પ ોલીસ સ્ટેશનમાં પતિ અને સાસરિયા વિરુદ્ધમાં પ ોલીસ ફરિયાદ દાખલ કરાવી છે. મહિલાના લગ્ન વર્ષ ૨૦૨૩માં ઉત્તરપ્રદેશના એક યુવક સાથે થયા હતા. લગ્ન પહેલા ફેબ્રુઆરી મહિનામાં મહિલાના પતિએ નવી ગાડી અને અન્ય ચીજ વસ્તુ ખરીદવા માટે દહેજ પેટે રૂપિયા ૫૫ લાખની માંગણી કરી હતી. જેથી મહિલાના પિતાએ અમુક રકમ રોકડ અને બેંક મારફતે આપી હતી. બાદમાં સગાઈ કરી ત્યારે પણ તેના પિતાએ રૂપિયા ૫ લાખનો વ્યવહાર કર્યો હતો. લગ્નના દસેક દિવસ બાદ મહિલાના સસરાને કેન્સરની બીમારીની સારવાર માટે અમદાવાદ લાવવામાં આવ્યા હતા. જ્યાં તેની નણંદ મહિલાને ઘરકામ બાબતે હેરાન પરેશાન કરતી હતી. સસરાના મૃત્યુ સમયે પણ સારવારનો ખર્ચો વધારે થતાં મહિલાના પિતાએ તેના પતિને એક લાખ રૂપિયા આપ્યા હતા. છતાં તેના સાસુ "તું કાળી છે, તું નીચી છે, અપશુકનિયાળ છે. તારા આવવાથી મારા પતિ મરણ ગયેલ છે." તેમ કહીને માનસિક ત્રાસ આપતા હતા.સાસરિયાના ત્રાસથી મહિલા તેના પિયરમાં આવી ગઈ હતી.

### ભૂપેન્દ્ર પટેલે ટ્વીટ કરીને આભાર વ્યક્ત કર્યો

# પીએમ મોદીએ મન કી બાતમાં અમદાવાદની બે વાતને બિરદાવી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૭ ।

વડાપ્રધાન મોદીએ આજે એપ્રિલ મહિનાનો મન કી બાત કાર્યક્રમ કર્યો હતો. જેમાં તેમણે અમદાવાદની બે વાતને બિરદાવી હતી. પીએમ મોદીએ મન કી બાતમાં એએમસી દ્વારા કરાયેલા વૃક્ષારોપણ અને સાયન્સ સિટી અંગે વાત કરી છે. જે બાદ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પીએમ મોદીની વાતને ઉત્સાહિત કરનારી જણાવી હતી. વડાપ્રધાન મોદીએ મન કી બાત કાર્યક્રમમાં સાબરમતી રિવરફ્રન્ટ અને કાંકરીયા ઝીલ અને વૃ ક્ષારોપણની કામગીરીને બિરદાવી હતી. તેમણે જણાવ્યુ કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ અભિયાનને પુરી ઉર્જાથી આગળ વધારવામાં આવી રહ્યુ છેજે બાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ટ્વીટ કરીને આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે ટાંક્યું હતુ કે, પીએમ મોદી દ્વારા પ્રેરિત એક પેડ મા કે નામ અભિયાન હેઠળ સમગ્ર દેશમાં વૃક્ષારોપણ અંગે નવચેતના વ્યાપી છે.

# વલસાડમાં શંકાસ્પદ બાંગ્લાદેશીઓને કરાયા ડિટેન, ડોક્યુમેન્ટ નહીં હોય તો કરાશે ડિપોર્ટ

। (એજન્સી) વલસાડ, તા.૨૭ ।

રાજ્યમાં ગઈકાલથી જ શંકાસ્પદ બાંગ્લાદેશીઓ અને પાકિસ્તાની લોકોની તપાસ શરૂ કરી દેવામાં આવી છે. ત્યારે વલસાડ જિલ્લા પોલીસ પણ આ મામલે હવે એક્શનમાં આવી છે. અમદાવાદ અને સુરત પછી વલસાડ જિલ્લામાં પણ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે અને સંદિગ્ધ બાંગ્લાદેશીઓને ડિટેન કરવાની કાર્યવાહી કરવામાં આવી છે. મોટી સંખ્યામાં પોલીસના ઓપરેશનમાં લોકોને ડિટેન કરવામાં આવ્યા છે. હાલમાં પોલીસે શંકાસ્પદ બાંગ્લાદેશીઓની અટકાયત કરીને તમામ લોકોના ડોક્યુમેન્ટ ચકાસવામાં આવી રહ્યા છે. જેમની પાસે પૂરતા ડોક્યુમેન્ટ નહીં હોય અથવા ડુપ્લીકેટ ડોક્યુમેન્ટ મળી આવશે.

### RJD ની નેતાએ કર્યો ખુલાસો

# ગુજરાત પોલીસની ભૂલ થઈ, બિહારી ઓને બાંગ્લાદેશી સમજીને પકડ્યા

### RJDના મહિલા વિંગના પ્રદેશ પ્રમુખની ટ્વિટ બાદ પોલીસે ડોક્યુમેન્ટ મગાવ્યા... ચારેય યુવનોને વેરિફિકેશન બાદ મુક્ત કરાયા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૭ ।

પહેલગામ આતંકી હુમલા બાદ ગુજરાત પોલીસે સર્જિકલ સ્ટ્રાઈક કરીને ૧૦૦૦ જેટલા ગેરકાયદેસર બાંગ્લાદેશીઓને પકડી પાડ્યા છે. પરંતુ આ વચ્ચે ગુજરાત પોલીસે કેટલાક બિહારીઓને બાંગ્લાદેશી સમજીને પકડ્યા હતા. RJDના મહિલા વિંગના પ્રદેશ પ્રમુખે ટિવટ કરતા પોલીસે તાત્કાલિક ચારેય યુવાનોની તપાસ કર્યા બાદ ચારેયને મુક્ત કર્યા હતા. ગુજરાતમાં ગેરકાયદેસર રહેતા બાંગ્લાદેશીઓ પર પોલીસની તવાઈ બોલાવી છે. અમદાવાદ, સુરતમાં પોલીસની કડક હાથે કાર્યવાહી હાથ ધરી છે. ગુજરાતની ધરતી પર રહેતા બાંગ્લાદેશીઓને પણ શોધાઈ રહ્યાં છે. ગુજરાતમાં રહેતા કુલ ૧ હજાર બાંગ્લાદેશીઓની અટકાયત કરાઈ છે. અમદાવાદમાં ૯૮૦, સુરતમાં ૧૩૪ બાંગ્લાદેશીઓ પકડાયા છે. મોહમ્મદ રબાની, મોહમ્મદ નેક મોહમ્મદ, મોહમ્મદ મુબારક અને મોહમ્મદ આઝમ નામ આપ્યા છે. આ તમામ યુવાનોને અમદાવાદથી પકડવામાં આવ્યા હતા. ગુજરાત પોલીસ દ્વારા શંકાસ્પદ બાંગ્લાદેશીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવી હતી. ત્યારે બીજી બાજુ હવે રાજકારણ પણ ગરમાયું હતું. ગુજરાતથી હજારો કિલોમીટર દૂરથી ગુજરાત પોલીસની આ કાર્યવાહી સામે પ્રશ્નો ઊભા કરવામાં આવ્યા છે.ગુજરાતમાં આજે લગભગ ૫૦૦ લોકોને ઘૂસણખોરી કહીને અટકાયતમાં લેવામાં આવ્યા છે. આ અંગે મીડિયામાં વિવિધ પ્રકારના સમાચારો ચાલી રહ્યા છે. કેટલાક તેમને બાંગ્લાદેશી કહી રહ્યા છે, જ્યારે કેટલાક તેમને ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ કહી રહ્યા છે. પરંતુ કમનસીબે, આ કાર્યવાહીમાં મારા મતવિસ્તારના પરિહાર વિધાનસભા મતવિસ્તારની બાયા પંચાયતના કેટલાક યુવાનો પણ ઝડપાયા છે, જેઓ પોતાના અને પરિવાર માટે રોજીરોટી કમાવવા ગુજરાત ગયા હતા. તેને બાંગ્લાદેશી ગણાવીને કસ્ટડીમાં પણ લેવામાં આવ્યો છે.

### અમદાવાદમાં વૃદ્ધનું મોત, સુરતમાં દોઢ વર્ષની બાળકીએ ગુમાવ્યો જીવ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૭ ।

ગુજરાતમાં અકસ્માતની ઘટનામાં ચોંકાવનારો વધારો થઈ રહ્યો છે. રવિવારે એક દિવસમાં બે શહેરોમાં અકસ્માતના કારણે બે લોકોના મોત નિપજ્યા છે. અમદાવાદમાં BRTS એ વૃદ્ધને અડફેટે લેતાં તેમનું મોત નિપજ્યું હતું. બીજી બાજું સુરતમાં રિક્ષાચાલકે મોપેડને અડફેટે લેતાં એક દોઢ વર્ષની બાળકીનું મોત નિપજ્યું છે. અમદાવાદમાં સાબરમતી ચાર રસ્તા પાસે BRTS એ કેશવપ્રસાદ તિવારી નામના વૃદ્ધને અડફેટે લેતાં તેમનું મોત નિપજ્યું હતું. વૃદ્ધ દવા લઈને પરત ફરી રહ્યા હતાં ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. હાલ, આ મામલે પોલીસે અકસ્માતનો ગુનો દાખલ કરી આ મુદ્દે વધુ તપાસ હાથ ધરી છે. બીજી બાજું સુરતના વેસુમાં અકસ્માતની ઘટના સામે આવી હતી. જ્યાં કાર અને રિક્ષા વચ્ચે ટક્કર થવાના કારણે એક દોઢ વર્ષની બાળકીનું મોત નિપજ્યું હતું અને ચાર લોકો ઈજાગ્રસ્ત થતાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. દુર્ઘટના બાદ લોકોએ કાર ચાલકને બહાર કાઢી માર માર્યો હતો. મળતી માહિતી મુજબ રોન્ગ સાઈડમાં આવતી કારે રિક્ષાને ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો.




